અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

Year:8, Issue: 142, Dt.28-03-2023 (Tuesday)

Email ; saurashtrakranti@gmail.com

saurashtrakranti

Web: www.saurashtrakranti.com

Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023 posted at Rajkot-RMS published & posting dt.-daily (evening)

Registration of News Paper No. GUJGUJ/2015/65432 Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/- તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

સુવિચાર

"આત્મવિશ્વાસ એ ઘણી મોટી મૂડી છે જેના આધારે ઘણા બધા જંગ જીતી શકાય છે."

ન્યૂઝ ફ્લેશ

પ્રોવિડન્ટ ફંડ પર ૮.૧૫ ટકા વ્યાજની જાહેરાત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૨૮

દેશનાં છ કરોડથી વધુ પ્રોવિડન્ટ ફંડના લાભાર્થીઓને માટે સારા સમાચાર છે. ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે પ્રોવિડન્ટ ફંડ પર ૮.૧૫ ટકાનું વ્યાજ મળશે. જે ગત વર્ષના ૮.૧૦ ટકા કરતા વધુ છે. અંદાજે છ કરોડ જેટલા પ્રોવિડન્ટ ફંડ ધારકોને આ વ્યાજ દર વધારાનો લાભ મળશે અને એક વખત કેન્દ્રીય નાણામંત્રાલય દ્વારા મંજુરી અપાયા બાદ તે પીએફ ધારકોના ખાતામાં જમા થઈ જશે.

આજે કર્મચારી ભવિષ્યનિધિ સંગઠન (ઈપીએફઓ) દ્વારા આ નિર્ણય લેવાયો હતો. ઈપીએફઓએ ૨૦૧૯-૨૦થી વ્યાજદરમાં ઘટાડો શરૂ કર્યો હતો. ખાસ કરીને પ્રોવિડન્ટ ભંડોળ છે તેમાં વળતર મુજબ વ્યાજદર નિશ્ચિત થાય છે. જો કે ભૂતકાળમાં સરકારને વ્યાજદર જાળવી રાખવા માટે વધારાના નાણા ઈપીએફઓમાં આપવા પડતા હતા. પ્રોવિડન્ટ ફંડના નાણામાં અંદાજે ૧૫ ટકા રકમ શેરબજારમાં રોકાણ થાય છે પરંતુ ચાલુ નાણાકીય વર્ષમાં ભારતીય શેરબજારમાં અફડાતફડીની સ્થિતિના કારણે જે રીતે વળતરમાં ઘટાડો થયો છે તેના કારણે તેની અસર પ્રોવિડન્ટ ફંડના રોકાણ પર પણ થઈ છે.

મોંઘવારીનો બુસ્ટર ડોઝ: આવશ્યક દવાઓના ભાવમાં એપ્રિલથી વધારો

હૃદયરોગ તથા પેઈન કિલર એન્ટી બાયોટીક સહિત ૨૭ રોગની દવાઓ મોંઘી બનશેઃ એકતરફથી શિક્ષણનો વધતો ખર્ચ, રસોડાના ખર્ચ પર વધતા જતા બોજ બાદ હવે દવાઓ પણ મોંઘી બનતા લોકો પર અસહ્ય ભાવવધારાનો માર

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય નાગરિકો માટે અને ખાસ કરીને સામાન્ય અને મધ્યમ આવક ધરાવતા પરિવારો માટે મોંઘવારીનો નવો બુસ્ટર ડોઝ આવી રહ્યો છે. તા.૧લી એપ્રિલથી ગંભીર બીમારીઓ માટેની જીવન આવશ્યક સારવાર માટેની દવાઓ મોંઘી બની જશે. કેમકે કેન્દ્ર સરકારે દવા ઉત્પાદકોને અતિ મહત્વની દવાઓના ભાવ વધારી દેવા માટે લીલીઝંડી આપી દીધી છે. આ રીતે લોકોના ખિસ્સા પર નવો પહાડી બોજો ઝીંકાઈ રહ્યો છે.

પેઈન કિલર, એન્ટી બાયોટીક અને હૃદય રોગ સહિત ૨૭ જેટલા રોગની સારવારમાં જરૂરી દવાઓના ભાવમાં તા.૧લી એપ્રિલથી ૧૨ ટકાનો આકરો વધારો લાગુ કરી દેવામાં આવ્યો છે. શેરબજાર અને મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ સહિતના ક્ષેત્રમાં પણ ભારે ફેરફારો થઈ રહ્યા છે. સૌથી વધુ મોટો આંચકો લોકોને એ લાગશે કે, ગંભીર બીમારીઓની સારવાર મોંઘી બની જશે. આવશ્યક દવાઓના ભાવોમાં ૧૨ ટકા વધારો લોકો માટે અસહ્ય બની રહેશે. એકતરફ ફુગાવાને લીધે રસોડા અને ઘર સંચાલન કરવાનું ખર્ચાળ બની રહ્યું છે અને બાળકોને ભણાવવાનો ખર્ચ પણ વધી રહ્યો છે. ત્યારે દવાઓનો વધારો મોંઘવારીથી પીડાતા લોકો માટે પડ્યા પર પાટું સમાન બની રહેશે.

જાણવા મળ્યા મુજબ તમામ દવા ઉત્પાદકોને ફુગાવાના વાર્ષિક આંકડાને આધારે નવા ભાવ નક્કી કરવા કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. નેશનલ ફાર્માસ્યુટીકલ પ્રાઈસીઝ ઓથોરીટીએ ગઈકાલે જાહેરનામું પણ બહાર પાડી દીધું છે. એ મુજબ ૩૮૪ જેટલી બેઝીક દવાઓ જે ૨૭ પ્રકારના રોગોમાં ૯૦૦ જેટલી દવાઓના ફોર્મ્યુલેશનમાં એટલે કે, બનાવવામાં મદદરૂપ બને છે. તેના ભાવ વધારી દેવાયા છે. જ્યારે નોન શેડ્યુલ ડ્રગના ભાવ ઉપર તો કોઈ અંકુશ કે નિયંત્રણ નથી. તેથી તેમાં દરવર્ષે તેમાં નિયમિત રીતે ૧૦ થી ૧૨ ટકા ભાવ વધારો થતો રહે છે.

સામાન્ય રીતે જથ્થાબંધ ફુગાવાને આધારે ૧ થી ૨ ટકા જેટલો જ ભાવ વધારો મંજૂર થતો હોય છે. પરંતુ ૧૨ ટકા ભાવ વધારો એ સામાન્ય જન માટે મરણતોલ ફટકો છે. દવા ઉત્પાદકો એટલે કે, ફાર્મા કંપનીઓની દલીલ એવી છે કે, ચીનથી કાચા માલની આયાત ઘટી ગઈ છે. રૂપિયો ઘસાતા અને ઉત્પાદન ખર્ચ વધતા અન્ય દેશોમાંથી આયાત પાછળ વધુ ખર્ચ થઇ રહ્યો છે. જેના કારણે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. એટલે ભાવ વધારો કરવાનું જરૂરી બન્યો છે.(૨.૧૨)

ગુજરાતના બંદરોનો ડ્રગ્સની હેરફેર માટે દુરૂપયોગ થતો રોકવા મુખ્યમંત્રીનો આદેશ

ગૃહમંત્રીની પણ ખાસ હાજરીઃ માદક પદાર્થો ઘુસાડવા માટે રાજયના બંદરોનો ઉપયોગ ન થાય તે માટે તમામ પગલા લેવા જિલ્લા અધિકારીઓને આદેશ

રાજકોટ, તા.૨૮

તાજેતરમાં ગૃહ વિભાગ દ્વારા પહેલીવાર કોસ્ટલ સિક્યુરિટી-ઈન્ટરનલ સિક્યુરિટી રિવ્યુ એન્ડ પર્સપેક્ટિવ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું જેને સંબોધન કરતાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે ગુજરાતમાં એક ગ્રામ ડ્રગ્સ પણ ઘૂસવા દેવાશે નહીં અને આ દુષણ જેવું માથું ઉંચકશે કે તુરંત જ તેને ડામી દેવા માટે સરકાર અને પોલીસ સક્ષ્ર છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે આવી સમાજ વિરોધી પ્રવૃત્તિઓનું રૂપ દરરોજ બદલાતું રહે છે પરંતુ તેની સામે સંપૂર્ણ સજાગતા સાથે ગુજરાત પોલીસ-કોસ્ટલ સિક્યુરિટી એકદમ સક્ષ્ર છે. તેણે વિવિધ વિભાગોના પરસ્પર સંકલનથી વધુ સંગીન અને સુદૃઢ બનાવવામાં આવ્યું છે. ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બેઠકમાં રાજ્યના દરિયાઈ વિસ્તારના જિલ્લાઓના એસપી, કલેક્ટરો, ફિશરીઝ અને રેવન્યુના અધિકારીઓ ઉપરાંત એટીએસ, મરિન પોલીસ કમાન્ડોના અધિકારીઓ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

દરમિયાન મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું કે રાજ્યના યુવાધનને નશાખોરી-માદક દ્રવ્યોને રવાડે ચડાવનારા તત્ત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે જેના ખૂબ જ સારા પરિણામો મળ્યા છે. આ તકે તેમણે કોસ્ટલ સિક્યુરિટી અને ઈન્ટરનલ સિક્યુરિટી માટે સંબંધિત વિભાગો વચ્ચે પરસ્પર સંકલન સુદૃઢ કરવા સાથે ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગની પણ ભલામણ કરી હતી. તેમણે પોલીસને રાજ્ય-રાષ્ટ્રની દરિયાઈ સુરક્ષા-આંતરિક સલામતિ માટે અદ્યતન સાધન સામગ્રી પણ જરૂરિયાત મુજબ સરકાર દ્વારા ઉપલબ્ધ કરાવવાની નેમ આ તકે વ્યક્ત કરી હતી.

આ બેઠક દરમિયાન મુખ્યમંત્રીએ એટીએસના અધિકારીઓને તાજેતરમાં જ ડ્રગ્સથી ભરેલી એક વિદેશી બોટને પકડી

(અનુ.પાના નં.૪ ઉપર)

ગુજરાતનો માથાદીઠ વીજ વપરાશ રાષ્ટ્રીય સરેરાશથી પણ વધુ..!!

૨૦૨૧-૨૨માં રાજ્યનો વીજ વપરાશ ૨૨૮૩ યુનિટ જેટલો રહ્યો

માથાદીઠ વીજ વપરાશની રાષ્ટ્રીય સરેરાશ ૧૨૫૫ યુનિટ જેટલી છેઃ વિધાનસભામાં રાજયના ઉર્જા વિભાગનું કુલ રૂ.૮૭૩૮ કરોડનું બજેટ મંજૂર



(એજન્સી સમાચાર)

ગાંધીનગર, તા.૨૮

સામાજીક અને આર્થિક વિકાસ માટેનો એક અગત્યનો માપદંડ વીજળી છે. જે મુજબ ગત વર્ષ ૨૦૧૧-૧૨માં રાજયનો સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૨૩૩ યુનિટ હતો. વર્ષ ૨૦૨૧-૨૨માં વધીને ૨,૨૮૩ યુનિટ નોંધાયો છે. જે રાષ્ટ્રીય સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૧૨૫૫ની સરખાણીમાં લગભગ બમણો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૭૦ સુધીમાં Net Zero Emissionનો લક્ષ્યાંક પ્રાપ્ત કરવાનો નિર્ધાર કર્યો છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૩૦ સુધીમાં પચાસ ટકા ફોસીલ ફ્રી ઊર્જા ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. જેને સિધ્ધ કરવા ગુજરાત સરકાર, રિન્યુએબલ એનજીર્ના વિવિધ સ્ત્રોતો જેવા કે સોલાર, વિન્ડ, વેસ્ટ ટુ એનર્જી, હાઈડલ, પંપ હાઈડ્રો સ્ટોરેજ વગેરે સેકટરના વિકાસ માટે ગુજરાતને અગ્રેસર અને રોકાણકારો માટે પ્રથમ પસંદગીનું રાજય બનાવવા તૈયાર થઈ છે.

રાજય વિધાનસભા ગૃહમાં ઊર્જા વિભાગનું કુલ રૂા. ૮૭૩૮ કરોડ બજેટ રજૂ કયાર્યું હતું. જેના પરની ચર્ચાનો જવાબ આપતાં ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં ૩૧ ડિસેમ્બર-૨૦૨૨ની સ્થિતિએ ૪૧,૮૯૫ મેગાવોટ ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેકટો સ્થાપવામાં આવ્યાં છે. જે પૈકી ૯૭૧૨ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાત બીજા સ્થાને છે. જે આશરે ૨૩.૨ ટકા જેટલું થાય છે. કાર્યક્ષમ વીજ વિતરણ ક્ષેત્ર અને સસ્ટેનેબલ નાણાંકીય થકી રાજયના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળે તે માટે કેન્દ્ર સરકારે રિવન્ડ ડિસ્ટ્રિબ્યુશન સેકટર સ્કીમ જાહેર કરી છે. આ માટે રૂા. ૧૩૯૦ કરોડની જોગવાઈ કરી છે. આ આયોજના હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાલ રાષ્ટ્રીય સ્તરે નવીજ વિતરણ લોસ ૧૨% થી ૧૫% ૫ તેમજ ગુજરાતમાં ૧૦.૫૦% સુધી ઘટાડવાનું સરેરાશ ખર્ચ અને સરેરાશ ઉપાર્જન વચ્ચેનો તફાવત ઝીરો કરવાનો નિર્ણય લેવાયો છે. આ યોજનાી સ્માર્ટ મીટરીંગ, વધુ સાતત્યપૂર્ણ અને ગુણવતાયુકત વીજ પુરવઠો મળશે અને વીજ વિતરણ કંપનીઓની માળખાકીય સુવિધામાં વધારો થશે અને નાણાકીય વ્યવસ્થા સુચારું બનશે.

૨૦૨૪-૨૫ના શૈક્ષણિક વર્ષથી નવા પાઠ્યપુસ્તકો

નવી શિક્ષણનીતિ મુજબ સુધારા-વધારા સાથે બહાર પડાશેઃ કેન્દ્ર સરકારની ૧૨ સભ્યોની સ્ટીયરીંગ કમિટી

૪ તબક્કાના અભ્યાસક્રમ તૈયાર કરશેઃ હવે તમામ નવા પાઠ્યપુસ્તકો ડિજીટલ ફોરમેટમાં પણ ઉપલબ્ધ કરાશે

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી,તા. ૨૮

નવી શિક્ષણ નીતિના અનુસંધાનમાં નેશનલ કાઉન્સિલ ઓફ એજયુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઈઆરટી) દ્વારા નિર્મિત પાઠ્યપુસ્તકોમાં સુધારાની કાર્યવાહી શરૂ કરાઈ છે, એ સુધારિત પાઠ્યપુસ્તકો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫થી અમલમાં લાવવામાં આવનાર હોવાનું શિક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. પાઠ્યપુસ્તકો નેશનલ કરીક્યુલમ ફ્રેમવર્ક (એનસીએફ) અનુસાર તૈયાર કરવામાં આવનાર હોવાનું તેમણે જણાવ્યું હતું.

શિક્ષણ ખાતાના અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે નવાં પાઠ્યપુસ્તકો શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૦૨૫થી લાગુ કરવામાં આવશે. એ ભગીરથ કામગીરી છે, પરંતુ દોઢ વર્ષમાં એ કામ પૂરું કરવાનું અમારું લક્ષ્ય છે. નવા અભ્યાસક્રમ-એનસીએફ પ્રમાણે પાઠ્યપુસ્તકોમાં સુધારાનું કામ ચાલી રહ્યું છે. ઘણી મહેનત માગી લે એવું આ કામ છે. એ પાઠ્યપુસ્તકો ડિજિટલ ફોર્મેટમાં પણ ઉપલબ્ધ કરાવાશે. કોરોના રોગચાળાના દિવસોમાં ડિજિટલ લર્નિંગનો મહિમા અને તેની માગ વધ્યા હોવાથી તમામ નવાં પાઠ્યપુસ્તકો ડિજિટલ ફોર્મેટમાં સમાંતર રીતે ઉપલબ્ધ કરાવાશે. જેથી જેને જરૂર જણાય એ પુસ્તકોને ડાઉનલોડ પણ કરી શકે. પાઠ્યપુસ્તકો બંધિયાર પ્રકારનાં ન લાગે એ માટે તેમાં સમયાનુસાર સુધારા-વધારાની કામગીરી માટે સંસ્થાકીય માળખું વિકસાવવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૦ની નવી શિક્ષણ નીતિમાં અભ્યાસક્રમ ભણાવવાની પદ્ધતિનું માળખું ૫+૩+૩+૪ નું રહેશે. નવી શિક્ષણ નીતિ-૨૦૨૦માં નિર્ધારિત કરાયેલી નવી શાળા શિક્ષણ પદ્ધતિ અનુસાર બાળકો પાંચ વર્ષ પાયાભૂત તબક્કા (ફાઉન્ડેશન સ્ટેજ)માં પસાર કરશે. ત્રણ વર્ષ સક્ષ્રતા કેળવવા, ત્રણ વર્ષ મધ્યમ તબક્કામાં અને ચાર વર્ષ માધ્યમિક તબક્કામાં પસાર કરશે. કેન્દ્ર સરકારે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઇસરો)ના ભૂતપૂર્વ અધ્યક્ષ કે. કસ્તુરી રંગનની અધ્યક્ષતામાં નવા અભ્યાસક્રમ-એનસીએફ વિકસાવવા માટે ૧૨ સભ્યોની સ્ટીયરિંગ કમિટી નીમવામાં આવી હતી. બાળપણના પ્રારંભિક તબક્કા માટે, શાળા શિક્ષણ માટે, શિક્ષકના પ્રશિક્ષણ માટે અને પ્રૌઢ શિક્ષણ માટે એમ ચાર એનસીએફ-અભ્યાસક્રમો તૈયાર કરાઈ રહ્યા છે. તમામ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ જિલ્લા સ્તરની જરૂરિયાતો, મોબાઈલ એપ સર્વે અને શિક્ષણ નીતિમાં તારવેલાં પચીસ ક્ષેત્રોના સ્ટેટ ફોકસ ગ્રૂપ્સના પોઝિશન પેપર્સના ડેવલપમેન્ટને ધ્યાનમાં રાખીને તેમના સ્ટેટ કરીક્યુલમ ફ્રેમવર્ક્સ તૈયાર કર્યા છે.

ઓનલાઈન શોપિંગ કરવામાં રાજકોટ, જામનગરના નાગરિકો સૌથી આગળ

મુંબઈ, દિલ્હી જેવા મેગા મહાનગરને પણ પાછળ રાખી દેતા નાના શહેરો

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૮

દેશના મેગા મહાનગરોના પ્રમાણમાં રાજકોટ જેવા પ્રમાણમાં નાના કદના શહેરોના રહેવાસીઓ ઓનલાઈન શોપિંગમાં ટોચ પર હોવાનું એક અભ્યાસમાં જાણવા મળ્યું છે. આઈઆઈએમ અમદાવાદ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું છે કે, મુંબઈ અને દિલ્હી કરતા પણ ૬૦ ટકા વધુ ઓનલાઈન શોપિંગ કરવામાં રાજકોટ, જામનગર, સુરત, વડોદરા અને વલસાડના ખરીદદારો ટોચ પર રહ્યા છે. આવા શહેરના નાગરિકોએ મેગા મહાનગરોના નાગરિકો કરતા ૬૦ ટકા વધુ ઓનલાઈન શોપિંગ કર્યું છે.

સર્વેક્ષણમાં એવું પણ જાણવા મળ્યું છે કે, રાજકોટ જેવા શહેરના નાગરિકો ઓનલાઈન ખરીદી કરવામાં અને એ માટેની ઓનલાઈન શોપિંગ પોર્ટલનો અભ્યાસ કરવામાં વધુ સમય વિતાવે છે.

ટોચના ક્રમના મુંબઈ અને દિલ્હી જેવા મહાનગરો કરતા બીજા ક્રમના શહેરોએ ૭૭ ટકા વધુ ખરીદી કરી છે. કુલ ખરીદદારો પૈકીના ૩૩ ટકા લોકોએ દર બે- ત્રણ દિવસે એકવખત શોપિંગ પોર્ટલની મુલાકાત લીધી છે. ઓનલાઈન શોપિંગમાં પુરૂષો આગળ છે, મહિલા ખરીદદારો કરતા ૩૫ ટકા વધુ ખરીદી પુરૂષોએ કરી છે. ડિસ્ટમર દ્વારા ખર્ચની સરેરાશ દૈનિક રૂ.૧૫૦૦ જેટલી રહી છે. શહેરીજનો આ રીતે પોર્ટલ પર દૈનિક સરેરશ ૩૦ થી ૩૫ મિનિટનો સમય આપે. એટલે મોટા મહાનગરો કરતા રાજકોટ, જામનગર, વલસાડ જેવા શહેરોમાં વાસ્તવમાં ડિજીટલ ક્રાંતિની બોલબાલા જોવા મળી રહી છે.(૨.૧૨)

મોરબી બ્રિજ દુર્ઘટનાઃ વળતરની ૫૦ ટકા રકમ જમા કરાવતી ઓરેવા કંપની

એપ્રિલના મધ્યમાં બાકીની રકમ પણ જમા કરાવી દેવાની હાઈકોર્ટમાં ખાતરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

મોરબીના ઝુલતા પુલની દુર્ઘટનાના મૃતકો અને ઈજાગ્રસ્તોને વચગાળાની રાહત ચુકવવાનો ગુજરાત હાઈકોર્ટ દ્વારા આદેશ અપાયા બાદ ઓરેવા કંપનીએ વચગાળાની રાહતની કુલ રકમ પૈકી ૫૦ ટકા રકમ જમા કરાવી દીધી છે. કંપનીએ ગઈકાલે હાઈકોર્ટને આ અંગે જાણ કરી હતી.

૧૧ એપ્રિલ સુધીમાં વળતરની બાકીની રૂ.૭.૩૧ કરોડ જેટલી રકમ પણ કંપની જમા કરાવી દેશે. એવી ઓરેવા ગ્રુપ દ્વારા હાઈકોર્ટમાં ખાતરી આપવામાં આવી હતી. હાઈકોર્ટે મૃતકોના પરિજનોને રૂ.૧૦- ૧૦ લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. બે- બે લાખનું વળતર ચૂકવવાનો અગાઉ આદેશ આપ્યો હતો.

અત્રેએ યાદ રહે કે, ઝુલતા પુલનું સંચાલન, નિભાવ અને જાળવણીનું કામ ઓરેવા ગ્રુપ પાસે હતું. ૫૦ ટકા વળતર રકમ કંપનીએ જમા કરાવી દીધી હોવાથી હવે આગામી ૧૮ એપ્રિલના રોજ હાઈકોર્ટમાં વધુ સુનવણી થશે. અદાલતે તમામને અપાયેલું વળતર સીધું એમના બેંક ખાતામાં જમા કરવવાનો પણ આદેશ આપ્યો છે.(૨.૧૨)

તા.૩૧મીએ અમદાવાદમાં આઈપીએલ મેચ

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો

દર્શકોની સુવિધા માટે રાત્રે દોઢ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન સેવા ચાલુ રહેશે

અમદાવાદ, તા.૨૮

આઈપીએલ- ૨૦૨૩ નો ધમાકેદાર અને રોમાંચક પ્રારંભ થઇ રહ્યો છે. તા.૩૧ માર્ચ શુક્રવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર આઈપીએલનો પ્રથમ મેચ ડીફેન્ડીંગ ચેમ્પિયન ગુજરાત ટાઈટન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાશે. મેચ સાંજે ૭:૩૦ વાગ્યાથી શરૂ થશે. એટલે દર્શકો મેચ બાદ ઘરે પરત જઈ શકે એ માટે મેટ્રો ટ્રેન સેવા રાત્રે દોઢ વાગ્યા સુધી ચાલુ રહેશે.

મેચના દિવસે બપોરે ૩ વાગ્યાથી દર્શકોને પ્રવેશ આપવામાં આવશે. સ્ટેડિયમના ગેઇટ નં.૧ અને ૨ પર ગુજરાત ટાઈટન્સના માલિકો દ્વારા ખાસ ફેન ઝોન ઉભા કરવામાં આવ્યા છે. જ્યાં દરેક વયના દર્શકો માટે વિશેષ રોમાંચક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવશે. ગેઇટ નં.૨ પરથી દિવ્યાંગ દર્શકોના પ્રવેશ માટે વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વ્હીલચેર પોતાની સાથે લાવવાની રહેશે. સ્ટેડિયમના આવનારા દર્શકો માટે સ્ટેડિયમ પરિસરમાં ૨૦ સ્થળે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવી છે. એ માટે શો માય પાર્કિંગ એપ પરથી પાર્કિંગ બુક કરી તેની ઈ-ટિકિટ મેળવી શકાશે. પાર્કિંગના સ્થળો દુર હોય તો ત્યાંથી દર્શકોને સ્ટેડીયમ સુધી પહોંચાડવા ગુજરાતની ટીમના ફ્રેન્ચાઈઝી દ્વારા નિઃશુલ્ક શટલ સેવા ગોઠવવામાં આવશે. આ રીતે

અમદાવાદના વિશાળકાય સ્ટેડિયમમાં આ પ્રથમ મેચ સાથે આઈપીએલનો રંગારંગ પ્રારંભ થશે.(૨.૧૨)

જ્યોતિષ

ત્રિકાલ જ્યોતિષ (શુધ્ધ-સાત્વિક વિધીથી ચોક્કસ પરિણામ) લગ્નયોગ, વિદેશયોગ. જમીન-મકાન- ખેતી, ભણતર, ગ્રહોનું નડતર, ગૃહકલેશ. નોકરી ધંધો, જામખંભાળીયા ૯૯૯૮૮૮૬૯૯૧

હિરાણી કોલેજના પત્રકારત્વના પૂર્વ વિદ્યાર્થીઓનું એલ્યુમિનાઈ સ્નેહ સંમેલન સંપન્ન

વર્ષો પછી મળેલા વિદ્યાર્થીઓના આંખના ખૂણેથી લાગણી છલકાઈઃ સાંઈરામ દવેના હાસ્ય દરબારની જમાવટઃ વિદ્યાર્થીઓએ મન મૂકીને કર્યા ગરબા

હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના પત્રકારત્વના પૂર્વ વિદ્યાર્થીઓના એલ્યુમિનાઈ સ્નેહ સંમેલન દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો સાથે વિદ્યાર્થીઓએ જુના સંસ્મરણો તાજા કાર્ય હતા તે પ્રસંગની તસ્વીરો.

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ તા.૨૮

'પત્રકારત્વ એક એવી વિદ્યા છે, જે સમગ્ર વિશ્વને જ્ઞાનના અજવાળાથી રોજે-રોજ નવ પલ્લવિત કરે છે, પરંતુ તેના મૂળમાં છે સંબંધ . ચારેય દિશામાં સંબંધો પ્રસ્થાપિત કરવામાં માહેર પત્રકાર માટે સમાચારના પ્રાપ્તિસ્થાનોની સંભાવના સ્વાભાવિક રીતે જ અનેકગણી વધી જાય છે.', તેમ હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક હિરાણીએ જણાવ્યું હતું.

ડો. વિવેક હિરાણી, કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસ, રાજકોટમાં સને ૧૯૯૨ થી ૨૦૨૩ કોલેજના પત્રકારત્વ વિભાગમાં અભ્યાસ કરનાર પૂર્વ વિદ્યાર્થીઓના એલ્યુમિનાઈ સ્નેહ સંમેલનમાં બોલી રહ્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ ડો. ભારતીબેન રાઠોડ તેમજ જાણીતા પત્રકાર ડો. જગદીશભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. ગત તારીખ ૧૯ના રોજ રાજકોટના ૧૫૦ ફૂટ નવા રીંગ રોડ પરના ડીલાઈટ પાર્ટી પ્લોટમાં પૂર્વ વિદ્યાર્થીઓ માટે એક ચીર સ્મરણીય સુખદ ઘટના બની હતી, જેમાં ગુજરાત અને ગુજરાત બહાર દેશ-વિદેશમાં વિભિન્ન પ્રસાર માધ્યમો સાથે જોડાયેલા ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને કોલેજ અને પોતાના બેચ મેટ મિત્રો સાથે સવારથી સાંજ સુધી પોતાના સંસ્મરણો તાજા કરીને , ફરીથી મળવાનો કોલ આપ્યો હતો. પત્રકારત્વ સાથે જોડાયેલા કોલેજના પૂર્વ વિદ્યાર્થીઓની મોટી સંખ્યામાં ઉપસ્થિતિથી ગૌરવની લાગણી વ્યક્ત કરતા ડો. વિવેક હિરાણીએ ઉમેર્યું હતું કે, આ કોલેજ વિદ્યાર્થીઓની છે અને તેથી જ સંબંધનો સેતુ જળવાય રહેવો જોઈએ.

કોલેજ પરિવાર અને પૂર્વ વિદ્યાર્થીઓના એલ્યુમિનાઈ એસોસિએશનના આમંત્રણને માન આપીને આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ સુપ્રસિદ્ધ સાહિત્યકાર અને હાસ્ય કલાકાર સાંઈરામ દવેએ જણાવ્યું હતું કે, પત્રકારત્વના શિક્ષણ અને કારકિર્દીના ઘડતર માટે હિરાણી કોલેજ ખરા અર્થમાં માઈલ સ્ટોન બની રહી છે. પોતાના વિશાળ પ્રવાસ અને મીડિયા સાથેના સંબંધોને આધારે તેમ ણે ઉમેર્યું હતું કે, ગુજરાતભરના પ્રિન્ટ મીડિયા અને ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રતિષ્ઠિત મીડિયા સંગઠનોમાં હિરાણી કોલેજના વિદ્યાર્થીઓ પ્રભાવશાળી કાર્ય કરી રહ્યા છે. પોતાની આગવી શૈલીમાં પ્રારંભે જ 'બ્રેકીંગ ન્યુઝ'નું ભાષાંતર 'ભાંગેલા સમાચાર' કરીને અસ્ખલિત ઉદ્બોધન દરમિયાન સાંઈરામ દવેએ હિરાણી કોલજના એલ્યુમિનાઈ વિદ્યાર્થીઓને ખડખડાટ હસાવ્યા હતા.

આ પ્રસંગે હિરાણી કોલેજના પત્રકારત્વ વિભાગના અધ્યક્ષ ડો. કાન્તિ ઠેસિયાએ કહ્યું હતું કે, શિક્ષણને સમાજના અન્ય કોઈ વ્યવસાય સાથે સરખાવી શકાય તેમ નથી. આ ઋષિમૂનિઓની હજારો વર્ષ જૂની અદ્ભૂત દેન છે . અહીં નબળામાં નબળા વિદ્યાર્થીનું પણ હિર પારખીને તેમનામાં સર્જનનું બીજ રોપવામાં આવે છે, જે અંતે સમાજના નવસર્જનમાં સૂર પુરાવે છે .

આ કાર્યક્રમ અંતર્ગત એલ્યુમિનાઈ એસોસિએશનની કોર કમિટી દ્વારા કોલેજમાં વર્ષોથી નિઃશુલ્ક સેવા આપી રહેલા માનદ પ્રાધ્યાપકો સર્વ સુરેશ પારેખ, ડો. યશવંત હિરાણી, ગૌતમ દવે, દિલીપ જાની, નિમિષ કાનાણી અને ડો. કમલેશભાઈ પંડ્યાનું પુસ્તક અને મોમેન્ટો અર્પીને ભાવપૂર્ણ અભિવાદન કરાયું હતું . આ પૂર્વે કોલેજના પૂર્વ વિદ્યાર્થી ડો. દિપક મશરૂએ એલ્યુમિનાઈ ફંક્શનની પૂર્વ ભૂમિકા આપી હતી તેમજ ડો. મશરૂ દ્વારા તૈયાર કરવામાં આવેલી હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એલ્યુમિનાઈ વેબસાઈટનો કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. ભારતીબેન રાઠોડ અને વિખ્યાત પત્રકાર જગદીશભાઈ મહેતાના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભોજન સમારંભ બાદ દ્વિતીય સેશનમાં દર્શન ત્રિવેદી સંચાલિત ઓપન માઈક કાર્યક્રમ અંતર્ગત દૂર-દૂરથી આવેલા પૂર્વ વિદ્યાર્થીઓએ પોતાના અઢળક સંસ્મરણો રજૂ કર્યા હતા. જયારે એલ્યુમિનાઈ મીટના અંતિમ ચરણમાં કોલેજના પરફોર્મિંગ આર્ટસ વિભાગના પ્રોફેસરો અને વિદ્યાર્થીઓએ શૌર્યગીતોની રમઝટ બોલાવી હતી તેમજ સુગમ સંગીત અને ગરબા ગીતોને સથવારે વિદ્યાર્થીઓ મન મૂકીને ઝૂમ્યા ત્યારે અદ્ભૂત ઉત્સાહ છવાયો હતો.

સમગ્ર કાર્યક્રમનું મનોરંજક શૈલીમાં સંચાલન કોલેજના પૂર્વ વિદ્યાર્થી અને આર.જે. વિનોદ ગોરીએ કર્યું હતું. આ સ્નેહ સંમેલનને સફળ બનાવવા માટે હિરાણી કોલેજ ઓફ જર્નાલિઝમ એન્ડ પરફોર્મિંગ આર્ટસના મેનેજીંગ ટ્રસ્ટી ડો. વિવેક હિરાણીના માર્ગદર્શન હેઠળ પત્રકારત્વના વિભાગના અધ્યક્ષ ડો. કાન્તિ ઠેસિયા તેમજ એલ્યુમિનાઈ એસોસિએશનની કોર ટીમના સભ્યો સર્વશ્રી રાજ લક્કડ, ડો. દીપકભાઈ મશરૂ, ડો. ઈરીસ વાઝા, કૃણાલ કેસરીયા, યોગેશ રાઠોડ, પંકજસિંહ જોડેજા, પ્રતીક સંઘાણી, વિપુલ રાઠોડ, રોહિત હિંડોચા, સન્ની ગોહેલ, છબીલદાસ રાણપરા, પ્રકાશ સોલંકી, કેવલ દવે, રૂચિત વાડોલીયા, અમિત દવે, રવિ મોડાસીયા, આરઝુ અજુડિયા વગેરેએ જહેમત ઉઠાવી હતી. આભારવિધિ ડો. કાન્તિ ઠેસિયાએ કરી હતી.

વંડી ઠેકી, કારખાનામાં ઘૂસી શ્રમિકને માર માર્યો હતો

રાવકીમાં દસ દિવસ પૂર્વે કોપર વાયરની લૂંટ કરનાર ટોળકીના પાંચ શખ્સોને ઝડપી લેતી LCB

પાંચ મોબાઈલ, રીક્ષા સહિત ૯૪ હજારનો મુદામાલ કબ્જે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ જીલ્લાના લોધીકા તાલુકાના રાવકી ગામે ગત ૧૯ તારીખે કારખાનામાં ઘુસી શ્રમિકને મારમારી કોપર વાયર અને મોબાઈલની લૂંટ ચલાવી નાસી છુટેલી ટોળકીના ૫ શખ્સોને એલસીબીએ ઝડપી લીધા છે.

રાવકી ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ગુરૂદેવ પાર્કમાં આવેલ જે પી મેટલ નામના કારખાનામાં ગત ૧૯ તારીખે લુંટારૂ ટોળકી ત્રાટકી હતી અને શ્રમિકને મારકૂટ કરી ૬૦ કિલો કોપર વાયર તથા મોબાઈલની લૂંટ ચલાવી નાસી છૂટી હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા એસપી જયપાલસિંહ રાઠોડની સુચના અન્વયે એલસીબી પીઆઈ વી.વી.ઓડેદરા અને ટીમે સીસીટીવી આધારે તપાસ શરૂ કરી હતી. દરમિયાન બાતમી આધારે આ ગુનામાં સંડોવાયેલ કાનો ઉર્ફે સીધો નવઘણ લાંબરીયા, અસ્લમ છેદી રાયની, ચિરાગ ઉર્ફે ટકો કિશોર કાલાવડીયા, રાહુલ જગદંબા વિશ્વકર્મા અને શ્યામસુંદર બ્રીજલાલ યાદવની ધરપકડ કરી રોકડા ૧૪૪૦, એક રીક્ષામાં ૫ મોબાઈલ મળી કુલ ૯૪,૪૪૦નો મુદામાલ કબ્જે કર્યો છે. જયારે જયપ્રકાશ મેઘનાથ કશ્યપની શોધખોળ હાથ ધરી છે. લૂંટ સમયે કોઈ પ્રતિકાર કરે તો હુમલો કરવાની તૈયારી સાથે જતા હોવાનું જાણવા મળ્યું છે.

મોટા ગુંદાળાની સીમમાં ચાલતી જુગાર-કલબ પર દરોડોઃ રાજકોટ, જૂનાગઢ, જામકંડોરણાના શખ્સો ઝડપાયા

મોટા ગુંદાળાનો અરવિંદ પટેલ પોતાની વાડીએ બહારથી માણસો બોલાવી જુગાર રમાડતોઃ પોલીસે રોકડ, મોબાઈલ અને બે બાઈક મળી રૂ.૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ,તા.૨૮

જેતપુર તાલુકા પોલીસે જુગારીઓ પર ધોંસ બોલાવી મોટા ગુંદાળા ગામની સીમ વિસ્તારમાં ચાલતી જુગાર કલબમાં દરોડો પાડી જુગાર રમતાં રાજકોટ, જૂનાગઢ, જામકંડોરણા અને કોટડાસાંગાણીના સહિત આઠ શખ્સોને દબોચી તેની પાસેથી રોકડ, મોબાઈલ અને બે બાઇક સહિત રૂ.૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડાની વિગત અનુસાર, જેતપુર તાલુકા પોલીસ મથકના પીએસઆઈ પરબત શામળા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં.

ત્યારે મોટા ગુંદાળા ગામની સીમમાં ખેડૂત અરવિંદ જમન અભંગીની વાડીએ રૂમમાં બહારથી માણસો બોલાવી જુગાર કલબ ચાલવે છે તેવી ચોક્કસ બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ એમ.કે.રંગપરા અને કોન્સ્ટેબલ ચેતન ઠાકોર સહિતના સ્ટાફે દરોડો પાડી તીનપતિનો જુગાર રમતાં અરવિંદ જમન અભંગી (ઉ.વ.૩૨), ભરત રવજી રાઠોડ (ઉ.વ.૩૦),(રહે. વિજાપુર, જૂનાગઢ), જયપાલસિંહ દસુભા જાડેજા (ઉ.વ.૩૭),(રહે. વૃંદાવન સોસાયટી, પુનિતનગરની બાજુમાં,૧૫૦ ફૂટ રિંગરોડ), આશિષ ભીખા ત્રાડા (ઉ.વ.૩૪),(રહે. બાલાપર, જામકંડોરણા), લખન ગુરૂ પારવાણી (ઉ.વ.૩૪),(રહે. જામનાવડ રોડ, ધોરાજી), અવધેશ વલ્લભ પાનસૂરિયા(ઉ.વ.૪૦),(રહે. મોટી મેંગણી, કોટડાસાંગાણી), અતુલ બાવનજી અમીપરા (ઉ.વ.૪૮),(રહે. જશાપર, જામકંડોરણા) અને દિલીપ સવા લંબરિયા (ઉ.વ.૩૬),(રહે. કોઠારીયા સોલ્વન્ટ, રાજકોટ) ને દબોચી તેમની પાસેથી રોકડ રૂ.૧.૭ લાખ, મોબાઈલ નવ અને બે બાઇક મળી રૂ.૨.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જેતપુરમાં માર્કેટિંગ યાર્ડની બાજુમાં જુગાર રમતાં પાંચ પકડાયા

રાજકોટ,તા.૨૮ : જેતપુર સીટી પોલીસ મથકના પીએસઆઈ જે. જી.ઝાલા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે મળેલ ચોક્કસ બાતમીના આધારે જૂનાગઢ રોડ પર આવેલ માર્કેટિંગ યાર્ડની બાજુમાં જાહેરમાં પતા ટીંચતા અમિત કેશવ ભુવા (રહે. જેતલસર, જેતપુર), અલ્તાફ જુસબ ડેલા, છેલ્લાર વલકું ડાંગર, જગદીશ ભીખા અજમેરા અને મનીષ ભીખુ ગુજરાતી (રહે.તમામ જેતપુર) ને દબોચી રૂ.૧૧૨૦૦ ની રોકડ સાથે દબોચી કાર્યવાહી કરી હતી.

શેરબજાર પર વૈશ્વિક વ્યાજદરોના વધારાની નેગેટીવ અસર

ફુગાવો વધી રહ્યો છે જેને હિસાબે વ્યાજદરોમાં વધારો થઈ રહ્યો છેઃ પરેશ વાઘાણી

રાજકોટ, તા.૨૮

ભારતીય શેરબજાર પર અત્યારે વ્યાજદરોની વધારાની નેગેટીવ અસર જોવા મળી રહી છે. બેન્કોમાં વ્યાજદરો વધી રહ્યા હોય રોકાણકારો બજારમાંથી નિવેશ હટાવી રહ્યા છે. અથવા તો નવું રોકાણ શેરબજારમાં કરવાના બદલે ફિક્સડ ડિપોઝિટ પર ફરીથી રોકાણ તરફ વળ્યા છે. છેલ્લા ચાર - પાંચ વર્ષ થી જે રીતે બેન્કોના વ્યાજ ઘટતા જતા હતા તેને લઈને રોકાણકારો બેન્ક ડિપોઝિટ માંથી નીકળી અને વધુ વળતર મેળવવા શેરબજાર તરફ વળ્યા હતા પરંતું છેલ્લા છ-આઠ મહિનાથી વ્યાજદરોમાં આવી રહેલા ઉછાળાને લઈને ફરીથી એકવગ્ર બેન્ક ડિપોઝિટ તરફ ઝુક્યો છે. આમ જોવા જઈએ તો ધીમે-ધીમે બેન્કના વ્યાજદરો ઘણા વધી ગયા છે. અને એક ફીક્ષ-સુરક્ષીત ઇનકમ તરફ રોકાણકારો વળી રહ્યા છે. જેને હિસાબે શેરબજાર પર પણ એની અસર જોવા મળી રહી છે.

પ્રાયમરી માર્કેટમાં પણ નવા આઈ પી ઓ આવવાનું પ્રમાણ ઘટતું જ જોવા મળી રહ્યું છે. આમય તે ખાસ કરીને મેઇન બોર્ડના આઈ પી ઓ તો મહિને માંડ બે - ચાર આવી રહ્યા છે. એસ એમ ઈ આઈ પી ઓની વણઝાર જોવા મળી રહી છે. પરંતુ એસ એમ ઈ આઈ પી ઓની સાઈઝ ખુબજ નાની હોય છે. જેના હિસાબે એસ એમ ઈ આ પી ઓ મલ્ટીપલ ટાઈમ ઓવર સબસ્ક્રાઈબ થઈ જતા હોય છે. વ્યાજદરો ના વધારાની સાયકલ ફરીથી રિવર્સ થશે અને એક તબક્કે વ્યજદારો માં ઘટાડો પણ શરૂ થશેજ કારણકે વ્યાજદરો માં વધારાથી સૌથી વધુ જે નેગેટિવ ઈમ્પેક્ટ જોવા મળતી હોય તો તે રીયલ એસ્ટેટ અને ઓટો ઈંડસ્ટ્રીઝમાં જોવા મળે છે. કારણકે વ્યાજદરો વધતા દરેક લોન મોંઘી થતી જાઈ છે. અને સરવાળે ઉદ્યોગો ને નેગેટિવ અસર કરે છે. આવનારા બે ક્વાટર એટલેકે સપ્ટેમ્બર ૨૦૨૩ સુધી માર્કેટમાં થોડું પ્રેસર જોવા મળશે. જેવા વ્યાજદરો સ્થિર થશે એટલે ફરીથી બજાર ધમધમતું થશે. અને એપ્રિલ - મે થી જ આઈ પી ઓનું બજાર એટલેકે પ્રાયમરી માર્કેટ પણ નવા અનેક આઈ પી ઓલઈને આવી રહ્યું હોય બજારમાં ફરીથી રોનક જોવા મળશે. શેરબજારના વેલ્યુએશન પણ વ્યાજબી થવાથી એક નવો વર્ગ બજારમાં રોકાણ કરવા પ્રેરાશે અને મ્યુચ્યુલ ફંડ દ્વારા અને ડાયરેક્ટ માર્કેટમાં પણ નવા રોકાણો આવશે તેમાં કોઈ શંકા નથી.

શેરબજારના નિષ્ણાંત પરેશભાઈ વાઘાણીના જણાવ્યા અનુસાર નજીકના ભવિષ્ય માજ વ્યાજ દરોમાં સ્થિરતા જોવા મળશે. પ્રાયમરી માર્કેટમાં પણ એક - બે મહિનામાં જ નવા મેઈન બોર્ડ ના ઘણા આઈ પી ઓ આવશે અને બજારમાં ફરીથી નવું રોકાણ રોકાણકારો કરશે. આવનારા દિવસોમાં ફરી તેજી જોવા મળશે અને રોકાણકારોનો વિશ્વાસ શેરબજાર માં ફરીથી જોવા મળશે તેમાં કોઈ શંકા નથી.

ક્રાઈમ કોર્નર

મોબાઈલ જોવા મુદ્દે યુવક પર છરીથી હુમલો

રાજકોટઃ રાજકોટના કોઠારિયા સોલ્વન્ટ રસુલપરામાં રહેતો અને આઈટીઆઈમાં અભ્યાસ કરતો અમન હુસેનભાઈ ઓડિયા (ઉ.૧૯) એ એઝાઝ કાળુભાઈ દોઢીયા સામે તાલુકા પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, રવિવારે અમે ઓટલા ઉપર બેઠા હતા. ત્યારે એઝાઝનો ફોન ત્યાં પડ્યો હોય, મેં ફોન જોઈ લેતા ગાળો ભાંડી મારો ફોન કેમ જોવે છે કહી ઝઘડો કર્યો હતો અને સાંજે છરીથી હુમલો કરી આજે તું બચી ગયો છો ફરી સામે આવીશ તો જાનથી મારી નાખીશ. તેવી ધમકી આપતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સામાકાંઠાની સગીરાનું બદકામના ઈરાદે અપહરણ

રાજકોટઃ રાજકોટના સામાકાંઠે રહેતા એક પરિવારની ૧૭ વર્ષીય દીકરી ગત ૨૩ તારીખના રોજ ઘરેથી નીકળ્યા બાદ ગાયબ થઇ જતા પરિવારે શોધખોળ કરી હતી. પરંતુ કોઈ પતો લાગ્યો ન હતો. દરમિયાન ૬ માસ પૂર્વે તેની પાસેથી ફોન મળ્યો હતો. જે તેને ન્યુ શક્તિ સોસાયટીના ધવલ દીપકભાઈ ચૌહાણે આપ્યો હોવાનું જાણવા મળતા ઠપકો આપ્યો હતો. જેથી ધવલ જ દીકરીને બદકામના ઈરાદે ઉઠાવી ગયો હોય તેની સામે બી-ડિવિઝન પોલીસમાં અપહરણની ફરિયાદ નોંધાવી હતી.

રેલનગરમાં ચોકીદારની ઓરડીમાંથી ૧૯ હજારની ચોરી

રાજકોટઃ રાજકોટના રેલનગરમાં શ્રીજી કોમ્પ્લેક્ષમાં રહી ચોકીદારી કરતા કરન શેરસિંગ અધિકારી ગઈકાલે કામે ગયો હતો અને પત્ની ઓરડીને આંકડીયો મારી પુત્રને બગીચે લઇ ગઈ હતી. પરત આવીને જોયું ત્યારે ઓરડીમાં સામાન વેરવિખેર હોય તપાસ કરતા ૯ હજાર રોકડા અને મંગળસૂત્ર ગાયબ હોય ૧૯ હજારની ચોરી અંગે પ્ર.નગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

૩૯૬ બોટલ દારૂ ભરેલી કાર મુકી બુટલેગર ફરાર

રાજકોટઃ રાજકોટમાં દારૂ જુગારના કેસો કરવાની સુચના અન્વયે એલસીબી ઝોન પીએસઆઈ એચ.આર.ઝાલા અને ટીમે બાતમી આધારે વાવડીમાં દરોડો પાડતા બુટલેગર પ્રિયાંક ઉર્ફે કાળિયો વિનોદભાઈ મહેતા દારૂ ભરેલી કાર રેઢી મુકી નાસી છૂટ્યો હતો. પોલીસે તપાસ કરતા કારમાંથી ૩૯૮ બોટલ દારૂ મળી આવતા દારૂ, કાર સહિત ૪,૫૮,૪૦૦ નો મુદામાલ કબ્જે કરી બુટલેગરની શોધખોળ હાથ ધરી છે.

ગવરીદડમાં ૫ સંતાનોની માતાનો ઝેર પી આપઘાત

રાજકોટઃ રાજકોટના ગવરીદડ ગામે ઝુપડામાં રહેતા ભાવનાબેન કાળુભાઈ જખાનીયા (ઉ.૩૫) નામની મહિલાએ બપોરે ત્રણેક વાગ્યે ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા હતા. અહીં ટુકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. કુવાડવા રોડ પોલીસે કારણ જાણવા તપાસ હાથ ધરી છે. મહિલાના મોતથી ૩ દીકરા અને ૨ દીકરીઓએ માતાનું છત્ર ગુમાવ્યું છે.

5 એપ્રિલથી ૫૧૧૮૪ વિદ્યાર્થીઓની પરીક્ષા, મોટાભાગના પેપર રૂબરૂ મોકલાશે

સત્તાધીશો QPDS સિસ્ટમનો સંપૂર્ણ અમલ ન કરાવી શક્યા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ૫૧૧૮૪ વિદ્યાર્થીઓની આગામી તારીખ ૫ એપ્રિલથી પરીક્ષા શરૂ થવા જઈ રહી છે. જુદી જુદી વિદ્યાશાખાના છેલ્લા સેમેસ્ટરના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવાના છે. અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું બીબીએ અને બી.કોમના પેપરલીક કાંડ બાદ તમામ કેન્દ્રો ઉપર પ્રશ્નપત્રો QPDS (પ્રશ્ન પેપર ડિલિવરી સિસ્ટમ)થી મોકલવામાં આવનાર હોવાની મોટાપાયે જાહેરાત કરવામાં આવી હતી.

પરંતુ આ સિસ્ટમનો સંપૂર્ણ અમલ કરવામાં પરીક્ષા કુલપતિ, રજિસ્ટ્રાર અને પરીક્ષા નિયામક સહિત સત્તામંડળના સભ્યો નિષ્ફળ ગયા હોય એમ આગામી ૫ એપ્રિલથી શરૂ થનારી પરીક્ષામાં પણ મોટાભાગના પેપર ઓફલાઈન જ મોકલવામાં આવનાર છે.

જેમાં સૌથી ઓછા વિદ્યાર્થીઓ છે તેવી જ ફેકલ્ટીના પેપર ઓનલાઈન મોકલવામાં આવશે. ૫ એપ્રિલથી યુનિવર્સિટીની શરૂ થનારી પરીક્ષામાં સૌથી વધુ બી.કોમ સેમેસ્ટર-૬ના ૧૬૨૯૩ વિદ્યાર્થીઓ, બીએ સેમેસ્ટર-૬ના ૧૦,૯૦૧ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૫ એપ્રિલે શરૂ થનારી પરીક્ષામાં જે ફેકલ્ટીના પેપર ઓનલાઈન મોકલવામાં આવનાર છે તેમાં હોમસાયન્સ ફેકલ્ટી (૧૭ કેન્દ્રો), સાયન્સ ફેકલ્ટીમાં બીસીએ (૨૫ કેન્દ્રો), બીએસસી આઈટી (૮ કેન્દ્રો), પર્ફોર્મન્સ આર્ટસ (૦૧ કેન્દ્ર) આર્કિટેક્ચર ફેકલ્ટી, મેનેજમેન્ટ ફેકલ્ટી, બીએ આઈડીના પ્રશ્નપત્ર જ ઓનલાઈન QPDS સિસ્ટમથી મોકલવામાં આવશે. જ્યારે બાકીના મોટાભાગના પેપર ઓફલાઈન જ મોકલાશે. જેમાં સૌથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા છે તે ફેકલ્ટીના પેપર હજુ ઓફલાઈન મોકલાશે જ્યારે જેમાં સૌથી ઓછા વિદ્યાર્થીઓ છે તેના પેપર જ ઓનલાઈન મોકલાશે.

સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા

પડધરી નજીક આજીડેમ ડના કાંઠે રેતી ચોરીનું કૌભાંડ ઝડપ્યું

૭૨૦૦ ટન રેતી સાથે ૩ શખ્સને દબોચ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ખાખડાબેલા ગામના સીમાડે આજીડેમ ડના કાંઠે રેતી ચોરીનું કૌભાંડ ચાલી રહ્યાની સ્ટેટ મોનિટરિંગ સેલને સચોટ બાતમી મળી હતી. ડીવાયએસપી કે.ટી. કામરિયાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ સી.એન.પરમાર સહિતના સ્ટાફે દરોડો પાડ્યો હતો. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ પહોંચી ત્યારે હિટાચી મશીનથી રેતી ચોરીની કામગીરી ચાલી રહી હતી. સ્થળ પરથી ૭૨૦૦ ટન રેતી મહેન્દ્રસિંહ રણજીતસિંહ જાડેજા, શનિરાજસિંહ કિશોરસિંહ જોડેજા અને હીટાચી મશીનના ડ્રાઇવર રાજેન્દ્ર રણમલ જયસ્વાલની ધરપકડ કરી હતી.

સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા રેતી ચોરી, પૂર્વ યોજીત કાવતરાની કલમ ૧૨૦ (બી) તથા એમ.એમ.આર.ડી. એક્ટ ૪ (એ), ૨૧ મુજબ પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં ત્રણેય શખ્સ ઉપરાંત દરોડા સમયે નાસી છૂટેલા કે હાજર ન મળેલા મહાવીરસિંહ ઉર્ફે ટીનુભા હમીરજી જાડેજા, યુવરાજસિંહ અનોપસિંહ જાડેજા, રાજદીપસિંહ રણજીતસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ સુખદેવસિંહ જાડેજા, બલભદ્રસિંહ બહાદુરસિંહ જાડેજા, ભોલાભાઇ રાજપૂત તથા હિટાચી મશીન મૂકીને નાસી જનાર ડ્રાઈવર સહિત સાત ફરાર શખ્સના નામ લખાવ્યા છે.

ખનીજ માફિયાઓ દ્વારા રેતી ચોરી કરીને નજીકની ખુલી જમીનમાં રેતીના ઢગલા કરેલા હતા. તપાસ કરતા એ ચોરાવ રેતી કુલ ૭૨૦૦ ટન (કિંમત રૂપિયા ૨૪,૩૮,૦૦૦) હોવાનું સામે આવ્યું છે. આ કૌભાંડમાં અન્ય કેટલા શખ્સો સામેલ છે, પોલીસ તંત્ર કે ખાણ-ખનીજ વિભાગની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવણી છે કે નહીં? એ સહિતના મુદ્દે તપાસ શરૂ કરાશે.

તંત્રી લેખ

યુવાનોમાં ઓનલાઈન શોપિંગ વધુ પસંદ

હવે જ્યારે અમે અમારા ઘરની આરામથી થોડીક માઉસ ક્લિકસથી લગભગ કંઈપણ ખરીદી શકીએ છીએ, બહુ ઓછા લોકો ખરેખર ઈંટ અને મોર્ટાર સ્ટોર્સમાં સાહસ કરવાની જરૂરિયાત અનુભવે છે. એ હકીકતનો ઈનકાર કરી શકાતો નથી કે ઇન-સ્ટોર શોપિંગ કરતાં ઓનલાઇન શોપિંગ વધુ લોકપ્રિય બની છે. આ વલણમાં સકારાત્મક અને નકારાત્મક બંને પાસાઓ છે.

ઑનલાઇન શોપિંગની વિશાળ લોકપ્રિયતા એ હકીકતને આભારી છે કે તે ખરીદીને સરળ બનાવે છે. તે સમય અને પૈસા બંને બચાવે છે. ખરીદદારોને હવે વસ્તુઓ ખરીદવા માટે દુકાનો તરફ જવાની જરૂર ન.થી. ઉપરાંત, ઓનલાઈન સ્ટોર્સ આકર્ષક કિંમતો ઓફર કરે છે કદાચ કારણ કે તેમની પાસે ઓવરહેડ ખર્ચ ઓછો છે. આનાથી તેઓ ઊંડી છૂટવાળી કિંમતે વસ્તુઓ વેચી શકે છે. આનાથી દુકાનદારો માટે મોટા ખર્ચ લાભો થઈ શકે છે. આ ઉપરાંત, ઓનલાઈન શોપિંગ વિશ્વના કોઈપણ ભાગમાંથી વસ્તુઓ ખરીદવાનું સરળ બનાવે છે. જો કોઈ વસ્તુ તમારા દેશમાં ઉપલબ્ધ ન હોય તો પણ તમે તેને ઓનલાઈન સ્ટોર્સ પરથી ખરીદી શકો છો. ઓનલાઈન શોપિંગ તમને ખરીદી બટન દબાવતા પહેલા કિંમતોની તુલના કરવાની પણ પરવાનગી આપે છે.

ઓનલાઈન શોપિંગ મોલના નિર્માણ અને પરિવહનમાં અશ્મિભૂત ઈંધણનો ઉપયોગ કરે છે. આપેલ પ્રોડક્ટનું ઉત્પાદન કરવા માટે, જેમ કે ટેલિવિઝન, પુસ્તક, તમામ તત્વોના સોર્સિંગ અને પરિવહન, તેને એસેમ્બલ કરતી ફેક્ટરીને પાવર આપવા અને પ્લાસ્ટિક પેકેજિંગ બનાવવા માટે પર્યાવરણીય ખર્ચ છે, જે પણ એક છે. પેટ્રોલિયમ આડપેદાશ. એમેઝોન જેવી મોટી કંપનીના કિસ્સામાં, ઉત્પાદન બીજા દિવસે ડિલિવરી માટે ઉપલબ્ધ થવા માટે દેશભરના વિવિધ કેન્દ્રો પર ચલાવવું અથવા મોકલવું આવશ્યક છે. સ્ટોરેજ વેરહાઉસમાંથી, તે પછી તેને ચલાવવામાં આવે છે અથવા ગ્રાહકને મોકલવામાં આવે છે જેમણે તેનો ઓર્ડર આપ્યો હતો, વધુ અશ્મિભૂત ઈંધણને બાળી નાખે છે. પર્યાવરણ પર ચોખ્ખી અસર સ્વયં દેખીતી રીતે જ મોટી છે અને આબોહવા પરિવર્તનને ઝડપી બનાવે છે. બીજી બાજુ, ઓનલાઈન શોપિંગની સરળતાએ ઘણા લોકોને ફરજિયાત ખરીદદારો બનાવી દીધા છે. આપણામાંના મોટાભાગના લોકો દરરોજ ઈન્ટરનેટ પર ઘણો સમય વિતાવે છે. અને જ્યારે આપણે ઈન્ટરનેટ પર હોઈએ છીએ, ત્યારે અમે અસંખ્ય જાહેરાતોથી બોમ્બમારો કરીએ છીએ. ફરજિયાત દુકાનદાર માટે, આ છૂટાછવાયા માટેનું એક સારું કારણ છે.

કટલેરીના વેપારીની આંખમાં મરચુ છાંટી લૂંટ ચલાવનાર ગેંગ ઝડપાઈ

ક્રાઈમ બ્રાંચની ટીમે ગણતરીના દિવસોમાં કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ આરોપી સહિત નવ લુંટારૂઓને દબોચી લઈ રૂ.૩.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૮

માલવીયનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં કટલેરીના વેપારી રાત્રીના સમયે દુકાન વધાવી ઘરે જતી વેળાએ અજાણ્યા શખ્સોએ આંખમાં મરચાની ભુકી છાંટી રૂ.૨.૨૫ લાખની મતાની લુંટ કરી ગયાની ઘટના બાદ ક્રાઈમ બ્રાંચની ટીમે ગણતરીના દિવસોમાં કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ આરોપી સહિત નવ શખ્સોને દબોચી લઈ રૂ.૩.૫૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ ગઈ તા.૨૫/૩ના રાત્રીના પોણા દસેક વાગ્યે કટલેરીના વેપારી પોતાની દુકાનેથીહીસાબના રોકડા રૂ.૨ લાખ એકટીવાની ડેકીમાં નાખી ઘરે જતા હતા ત્યારે અવાવરૂ જગ્યાએ બે અજાણ્યા શખ્સો તેનું એકટીવા ઉભુ રખાવી આંખમાં મરચાની ભુકી છાંટી એકટીવા અને રોકડની લૂંટ કરી નાશી ગયાની ઘટના બાદ ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય બી જાડેજાની સુચનાથી પીએસઆઈ એમ જે હુણ, પીએસઆઈ એ એસ ગરચર, કોન્સ્ટેબલ વિજયસિહ, કિરતસિંહ, દીપકભાઈ સહિતના સ્ટાફે ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ કરતા લુંટારૂ ગેંગને ઝડપી લેવામાં ક્રાઈમ બ્રાંચની ટીમને સફળતા મળી હતી. પોલીસે પોપટરપરામાં રહેતો લાલજી ઉર્ફે લાલો શામજી વાવેશા, દિવ્યેશ હીતેન્દ્ર વાવેશા, જયસુખ ભરત ઉધરેજા, મુસ્તાક ગફાર સાહમદાર, આર્યન રફીક સેતા, વીનોદ ધરમશી ગેડાણી, અને કાયદાના સંઘર્ષમાં આવેલ ત્રણ બાળ આરોપી સહિત નવ શખ્સોને દબોચી લઈ રોકડા રૂ.૧.૯૭ લાખ, એકટીવા બાઈક, મોબાઈલ સહીત કુલ રૂ.૩.૫૬ લાખનો મુદામાલ કબ્જે કરી માલવીયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલ લુંટના બનાવનો ભેદ ઉકેલી નાખ્યો હતો.

રાવકી ઈન્ડસ્ટ્રીઝમાં ૭ દી' પૂર્વે લૂંટ કરનાર ટોળકીના ૫ શખ્સ પકડાયા

વતનમાં જવા નાણાં ન હોય યુપીના શખ્સે અન્ય પાંચ સાગરીત સાથે મળી ધાડ પાડ્યાનું ખુલ્યુ

રાજકોટ.તા.૨૮

લોધિકા વિસ્તારમાં આવેલા રાવકી ઈન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં સાત દિવસ પહેલા થયેલી લૂંટના બનાવનો લોકલ ક્રાઇમ બ્રાંચે ભેદ ઉકેલી પાંચ શખ્સને પકડી પાડ્યા છે.રાવકી ઈન્ડસ્ટ્રિયલ એરિયામાં ગુરૂદેવ પાર્કમાં આવેલા જે.પી. મેટલ નામના કારખાનામાં ગત તા.૨૦ના રોજ છ શખ્સો ઘસી આવી ધોકા, પાઇપથી શ્રમિકોને માર મારી રૂ.૪૦ હજારની કિંમતના ૬ કિલો કોપર વાયર, ૧ મોબાઇલ મળી કુલ રૂ.૪૨ હજારની લૂંટ ચલાવી નાસી ગયા હતા.

જે બનાવની લોધિકા પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ શરૂ કરી હતી. બીજી તરફ જિલ્લામાં ધાડના બનાવને પગલે લોકલ ક્રાઇમ બ્રાંચ પણ તપાસમાં જોડાઇ હતી. પોલીસ તપાસ કરી રહી હતી તે સમયે હ્યુમન સોર્સિસથી લૂંટ કરી નાસી ગયેલી ટોળકી રાવકી વિસ્તારમાં જ હોવાની માહિતી મળી હતી. જે માહિતીના આધારે લોકલ ક્રાઇમ બ્રાંચના સ્ટાફે તપાસને વેગ આપ્યો હતો.

તે દરમિયાન રાજકોટના મવડી વિસ્તારમાં રહેતો મૂળ ચિતલનો ચિરાગ ઉર્ફે ટકો કિશોર કાલાવડિયા, ગુરૂપ્રસાદ ચોક, ભોલેનાથ સોસાયટી-૩માં રહેતો મૂળ નાગડાવાસનો કાનો ઉર્ફે સીધો નવઘણ ભના લાંબરિયા, લક્ષ્મીનગર-૭માં રહેતો મૂળ યુપીનો અસ્લમ છેદી રાય, લક્ષ્મીનગર-૩માં રહેતો ઉત્તરપ્રદેશનો રાહુલ જગદંબા વિશ્વકર્મા અને શ્યામસુંદર બ્રિજલાલ યાદવને ઝડપી લીધા હતા.

વાળંદ સમાજના કુળદેવી માં લીમ્બચ ભવાની માતાજીનો ૩૬મો હવન મહોત્સવ ઉજવાશે

હવન મહોત્સવના દર્શન કરવા તથા મહાપ્રસાદનો લાભ લેવા સમસ્ત જ્ઞાતિજનોને પધારવા જાહેર આમંત્રણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૮

ક્ષૌરકર્મ ધંધાદાર સમિતિ તથા સમસ્ત વાળંદ સમાજ રાજકોટ દ્વારા આવતીકાલે ચૈત્ર સુદ-૮ને બુધવારના રોજ વાળંદ સમાજના કુળદેવી જગતજનની માં લીમ્બચ ભવાની માતાજીનો ૩૬મો હવન મહોત્સવ-૨૦૨૩ ઉજવાશે. માતાજીના યજ્ઞનો પ્રારંભ સવારે ૮ વાગ્યે બીડુ હોમવાનું મુહુર્ત ૧૨ કલાકે, શંખનાદ સાથે મહા આરતી બપોરે ૧૨.૧૦ કલાકે થશે. તથા 'બ્લડ ડોનેશન કેમ્પ, મહાનુભાવો તથા દાતાઓ તેમજ સન્માન સમારંભ સાંજે ૭ કલાકે તેમજ નાત જમણવાર મહાપ્રસાદ સાંજે ૭ કલાક યોજાશે તથા દાંડીયારાસ - રાત્રે ૯ કલાકે રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે

રાખવામાં આવેલ છે. સમસ્ત વાળંદ સમાજે માતાજીના કાર્યક્રમમાં તન - મન - ધન તેમજ ધંધા-રોજગાર (ક્ષૌરકર્મ) બંધ રાખી આ કાર્યક્રમને ચાર ચાંદ લગાવી સમાજનું ગૌરવ વધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં છે તેમાં સાથ અને સહકારની અપેક્ષા પુરેપુરી હશે તો જ આ કાર્યક્રમમાં આપણે રાજકોટમાં આગવું સ્થાન મેળવી શકશું.તેમ જણાવાયું છે.

આ હવન મહોત્સવમાં સમસ્ત જ્ઞાતિજનોને બહોળી સંખ્યામાં હાજર રહી આ કાર્યક્રમને સફળતાના શીખરો સર કરાવવા જ્ઞાતિ એકતાનું આહવાન આપવામાં આવે છે. આ દિવસે આપના ધંધા-રોજગાર (ક્ષૌરકર્મ) સંપૂર્ણપણે બંધ રાખી એકતાના ભાગરૂપે ઉમટી પડવા સમસ્ત જ્ઞાતિજનોને પધારવા પ્રમુખ દ્વારા અપીલ કરવામાં આવે છે.

વાળંદ સમાજના કુળદેવી શ્રી લીમ્બચ માતાજીના હવન મહોત્સવના દર્શન કરવા તથા મહાપ્રસાદનો લાભ લેવા સમસ્ત જ્ઞાતિજનોને પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે.

મનપાની વેરા વસુલાત શાખા દ્વારા ૩૭ મિલ્કતો સીલ

હજુ પણ રીકવરી ઝુંબેશ શરૂ : આવક રૂા.૩૦૯.૮૮ કરોડ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ની રીકવરી ઝુંબેશ અંતર્ગત કુલ ૩૭ મિલ્કતોને સીલ કરેલ તથા ૩૫ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપી છે. રૂા.૧૮૩ કરોડ રીકવરી કરેલ. સેન્ટ્રલ ઝોન દ્વારા કુલ ૧૮ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૫ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૧.૧૦ કરોડ કરેલ. વેસ્ટઝોન દ્વારા ૫ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૦ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૩૫.૪૩ લાખ કરી છે. ઈસ્ટઝોન દ્વારા કુલ ૧૪ મિલ્કતોને સીલ મારેલ તથા ૧૦ મિલ્કતોને ટાંચ જપ્તી નોટીસ આપેલ તથા રીકવરી રૂા.૩૮.૧૯ લાખ કરી હતી.

આજ દિન સુધી કુલ આવક રૂ.૩૦૯.૯૮ કરોડ થઈ છે. આ કામગીરી આસી. મેનેજર રાજીવ ગામેતી, મયુર ખીમસુરીયા, વિવેક મહેતા, નિરજ વ્યાસ તથા તમામ વોર્ડ ઓફીસર, તમામ વોર્ડ ટેક્ષ ઈન્સપેક્ટરઓ દ્વારા આસી.કમિશનર સમીર ધુડક તથા વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવામાં આવી. હાલ સીલીંગ અને રીકવરીની કામગીરી ચાલુ છે.

બેરોજગારી અને શિક્ષણના કથળી રહેલા સ્તર સામે આપની યુવા પાંખે કર્યો વિરોધઃ કાર્યકરોની અટકાયત

(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૨૮

દેશ અને રાજયમાં બેરોજગારી તેમજ કથળી રહેલા શિક્ષણ સામે આપની યુવાપાંખ તેમજ સીવાયએસએસએ વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ શહેરના જિલ્લા પંચાયત ચોક ખાતે યોજયો હતો. કાર્યકરો ધ્વારા ભાજપ સરકાર સામે સુત્રોચ્ચાર કરી બેનરો ફરકાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ વધુ આગળ ધપે તે પહેલા જ પોલીસ દ્વારા ઉપસ્થિત આગેવાનોને કાર્યકરોને અટકાયત કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લા ભાજપ પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ અરૂણ નિર્મળનો આજે જન્મદિવસ

પક્ષીઓને ૬૪ કિલો ચણ અર્પણ કરી જીવદયા કાર્ય થકી ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટઃ રાજકોટ જિલ્લા ભાજપના પ્રેસ મીડિયા ઈન્ચાર્જ અને ગુજરાત સરકારના બાળ સુરક્ષા કમિટીના સભ્ય અરૂણભાઇ નિર્મળ આજે ૬૩ વર્ષ પૂર્ણ કરી ૬૪માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે.

અરૂણ નિર્મળ હાલમાં રાજકોટ જીલ્લા ભાજપામાં ૮ વર્ષથી તેમજ સહકાર ભારતીમાં પ્રેસ-મીડિયા ઈન્ચાર્જ તરીકે કાર્યરત છે. ગુજરાત સરકારના ચાઈલ્ડ વેલ્ફેર કમિટીમાં મેમ્બર તરીકે તેમજ રા.ના.સ.બેંકમાં શાખા વિકાસ સમિતિના સભ્ય તરીકે ઉપરાંત જીવદયા ગ્રુપ, કરુણા ફાઉન્ડેશનમાં જીવદયાની ઉત્તમ પ્રવૃત્તિ કરી રહ્યા છે. અરૂણ નિર્મળ આ વર્ષે પણ પક્ષીઓને ૬૪ કિલો ચણ અર્પણ કરી જીવદયા કાર્ય કરશે. અરૂણ નિર્મળના જન્મદિવસ નિમિત્તે લાગણીભીની શુભકામનાઓ પાઠવતા રાજકોટ જિલ્લા અને શહેર પ્રમુખ, મહામંત્રી, સંસદસભ્યઓ, ધારાસભ્યઓ અને શુભેચ્છક મિત્રો તરફથી (૯૮૨૪૪૧૬૬૩૯ / ૮૩૨૦૪૨૯૫૨૮) ઉપર શુભેચ્છાઓ પાઠવેલ છે.(૧.૩)

વિદ્યાર્થીઓને ઈમ્પોર્ટ એક્સપોર્ટ પ્રોફેશનમાં કારકિર્દીની ઉજ્જવળ તકોની માહિતી આપવા

ઈમ્પોર્ટ એકસપોર્ટ વિષય અંગે એકસપર્ટ ટોક કાર્યક્રમ યોજાયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ગાર્ડી વિદ્યાપીઠનું એમબીએ ડિપાર્ટમેન્ટ પોતાના ઇનોવેટિવ પેડાગોજી અને ઈન્ડસ્ટ્રીયલ ઇન્ટરેકશનને અભ્યાસક્રમમાં શામેલ કરવા માટે સુવિદિત છે. અહીંના વિદ્યાર્થીઓને પ્રોફેશનલ અને ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્રમાં સુસજ્જ કરવાના ધ્યેય સાથે શૈક્ષણિક વર્ષ દરમિયાન ઔદ્યોગિક મુલાકાતો, એમ.ઓ.યુ, એક્સપર્ટ ટોક અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથેના વિદ્યાર્થી સંવાદ સીરીઝ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં એમબીએ ડિપાર્ટમેન્ટ ખાતે એક દિવસીય પઈમ્પોર્ટ એક્સપોર્ટ ફ્રોમ એમ્બીશન ટુ અચિવમેન્ટથ વિષય આધારિત સંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંગે વધુમાં માહિતી આપતા સંસ્થાના એમબીએ ડિપાર્ટમેન્ટના હેડ પ્રો. નિલેશ અંકલેશ્વરીયા એ જણાવ્યું હતું કે ભારતની ઇકોનોમી આગામી સમયમાં પાંચ ટ્રીલીયન્ટ ડોલરની બને તેનો એક માત્ર આધાર સ્થંભ એવા એક્સપોર્ટના ક્ષેત્રમાં વૃદ્ધિ થવી છે. રાજકોટ આગામી સમયમાં મશીનરીના એક્સપોર્ટની સાથે સાથે પ્રોસેસ ફુડ, પેપર, પ્લાયવુડ, પેકેજીંગ, એગ્રો પ્રોડક્ટસ અને સિરામીક જેવી પ્રોડક્ટના મટીરીયલ વિવિધ દેશોમાં એક્સપોર્ટ કરવા માટેની ભારોભાર સંભાવના અને તકો ધરાવે છે.

ગુજરાતના સમૃદ્ધ દરિયાકાંઠા અને લોજિસ્ટિક સાતત્યપૂર્ણ સપ્લાય ચેઈન અને ગવર્મેન્ટ તરફથી મળતા પ્રોત્સાહન ને લઈને એમબીએ ના વિદ્યાર્થીઓ માટે ઈમ્પોર્ટ એક્સપોર્ટ ના પ્રોફેશનમાં કારકિર્દી બનાવવી આકર્ષક બનતી જાય છે. ગાર્ડી વિદ્યાપીઠના એમબીએના અનેક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે ઈમ્પોર્ટ એક્સપોર્ટ પ્રોફેશનને પસંદ કરીને નોકરી ઈચ્છુકના બદલે ઉદ્યોગ સાહસિક બનીને જોબ આપનારા બની રહ્યા છે, જે સંસ્થા માટે ગર્વની બાબત છે.

આ સમગ્ર આયોજન માટે એમબીએના પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થીઓને સંસ્થાના ચેરમેન ડી. વી. મહેતા, વાઈસ ચેરમેન કિરણ શાહ તથા પ્રિન્સિપાલ ડો વિમલ પટેલ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.(૧.૪)

અને કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફકત રૂા.૬૦માં
+5%G ST
(પ્રતિ કોલમ સે.મી.અંદર પાસે)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

મનપાની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા વીક વન રોડ અંતર્ગત

વેસ્ટઝોનમાં પાર્કિંગ-માર્જીનમાં થયેલ દબાણો-ગેરકાયદેસર બાંધકામ દૂર કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા રાજકોટ શહેરને સ્માર્ટ સિટી અંતર્ગત સુંદર, રળિયામણું બનાવવા તથા ટ્રાફિક મૂવમેન્ટ સરળ થાય તથા રાહદારીઓને થતી મુશ્કેલીઓના નિવારણ માટે શહેરમાં આવેલ મુખ્ય ૪૮ માર્ગો પર વન વીક, વન રોડ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં આજે વેસ્ટ ઝોનનાં મવડી મેઈન રોડ (બાપાસીતારામ ચોકથી વિશ્વેશ્વર મહાદેવ મંદિર સુધી) પર રાજકોટ મહાનગરપાલિકાની અલગ-અલગ શાખા દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફૂટપાથ અને રોડ સમારકામ, હંગામી અનઅધિકૃત દબાણ હટાવવું, ગેરકાયદેસર દબાણ પર ડિમોલીશનની કામગીરી, રોડનું સ્ટ્રક્ચર સરખું કરવું, ફૂડ શાખા દ્વારા ચકાસણી, નડતરરૂપ ઝાડને ટ્રીમીંગ કરવું, વેરા વસુલાત શાખા દ્વારા સ્થળ પર જ ટેક્સ વસુલાત કરવી, જાહેરમાં કચરો ફેલાવતા/કચરાપેટી ન રાખતા/પ્રતિબંધિત પ્લાસ્ટીકનો વપરાશ કરતા આસામીઓ સામે સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા દંડની કાર્યવાહી કરેલ અને ફાયર એન્ડ ઈમરજન્સી શાખા દ્વારા વિવિધ બિલ્ડીંગોમાં ફાયર NOC અંગે ચકાસણીની કામગીરી કરવામાં આવે છે.

મનપાની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા આજે વન વીક વન રોડ અંતર્ગત શહેરના વેસ્ટઝોન વિસ્તારના મવડી મેઈન રોડ પરના પાર્કિંગ તથા માર્જીનમાં થયેલ દબાણો-ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા ડિમોલીશન હાથ ધરવામાં આવ્યું હતું. કુલ ૩૮ જુદી જુદી જગ્યાએ છાપરા અને પાર્કિંગ સ્પેસમાંથી દબાણ દુર કરાયું હતું.

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરના મવડી મેઈન રોડ - વિશ્વેશ્વર મંદિર સુધીના વિસ્તારમાં આવેલ ખાદ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૫૦ ધંધાર્થીઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ચકાસણી દરમિયાન સ્થળ પર સંગ્રહ કરેલ વાસી અખાધ્ય ખોરાકનો મળી કુલ ૮ કિ.ગ્રા. જથ્થો સ્થળ પર નાશ કરવામાં આવ્યો. જેમાં ચકાસણી દરમિયાન કુલ ૧૨ પેઢીને લાઇસન્સ મેળવવા બાબતે તથા હાઇજિનિક કન્ડિશન જાળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા મવડી મેઈન રોડ પર જાહેરમાં ગંદકી ફેંકનાર/ગંદકી કરવા સબબ કુલ ૧૩ આસામી પાસેથી રૂ. ૩૨૦૦, કચરા પેટી/ડસ્ટબીન ન રાખવા સબબ કુલ ૪ આસામીઓ પાસેથી રૂ. ૧૦૦૦, પ્રતિબંધિત પ્લાસ્ટિક રાખવા/ઉપયોગ કરવા સબબ કુલ ૯ આસામી પાસેથી રૂ. ૪૫૦૦ અને C & D વેસ્ટ ઉપાડવાની કામગીરી સબબ ૦૧ આસામી પાસેથી રૂ. ૧૦૦૦ એમ કુલ ૨૭ આસામી પાસેથી રૂ. ૯૭૦૦ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ તેમજ ૮ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક ગ્લાસ, સ્ટ્રો અને ચમચી જપ્ત કરવામાં આવેલ.

અકસ્માતમાં મૃત્યુ પામેલાના વારસદારોને ૨૭ લાખનું વળતર ચુકવવા વીમા કંપનીને આદેશ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

નરશીભાઈ કરમશીભાઇ લીંબાસીયા પોતાનું મોટરસાઇકલ લઈને રાજકોટ મુકામે કામે જતાં હોય, ત્યારે મારવાડી કોલેજ પાસે પહોંચ્યો ત્યારે સામેથી આવતી ફોર વ્હીલ કાર પુરઝડપે અને બેદરકારીપૂર્વક ચલાવીને બાઇકને સામેથી હડફેટે લઈને બેદરકારી દાખવી અકસ્માત સર્જી ચાલક નાસી ગયેલ. જે અકસ્માતમાં નરશીભાઈ કરમશીભાઇ લીંબાસીયાનું ચાલુ સારવારે મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે બી. ડિવિઝન પોલીસ સ્ટેશન રાજકોટમાં કારના ચાલક વિરૂધ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ અકસ્માતમાં મૃતકના વારસદારો દ્વારા રાજકોટ મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલમાં વળતર મેળવવા અંગે ફોર વ્હીલ કાર અને તેની વીમા કંપની રીલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ સામે કલેઈમ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

જે કેસ ચાલી જતાં એડવોકેટ દ્વારા કાયદા વિષયક વિસ્તારપૂર્વકની દલીલો કરેલ અને વિશેષમાં વિવિધ હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ ટાંકીને દલીલ કરતાં રાજકોટના એમ.એ.સી.પી. ટ્રીબ્યુનલ દ્વારા તે દલીલો માન્ય રાખીને ઈન્સ્યો. કંપનીએ અકસ્માતમાં મૃતકના વારસદારોને વ્યાજ સહિત રૂ.૨૭ લાખનું જંગી વળતર ચુકવવા હુકમ કરેલ છે.

આ કેસમાં મૃતકના વારસદારો વતી એડવોકેટ તરીકે રાહુલ બી. મકવાણા, વિનુભાઇ એમ. વાઢેર, ભાર્ગવ ડી. બોડા રોકાયા હતા.

એડવોકેટ: રાહુલ મકવાણા

લેન્ડ ગ્રેબિંગના ગુન્હામાં પિતા પુત્ર જામીન મુક્ત

એડવોકેટ: જીજ્ઞેશ સભાડ

એડવોકેટ: રણજીત બી. મકવાણા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

ફરિયાદી દીપક ગીરી કિશોરગીરી ગોસ્વામી એ પોતાની માલિકીની જમીન પર પ્લોટની ફરતે ફેન્સીંગ કરેલ હોય ત્યારબાદ ચાર પાંચ મહિના બાદ પ્લોટ પર ગયેલ તો સીધાભાઈ બાથાભાઈ સભાડના પરિવાર તથા અન્ય ભરવાડ પરિવારોએ કાચા ઝૂપડાઓ બનાવી પ્લોટો પચાવી પાડવાના બદઇરાદેથી ગેરકાયદેસર રીતે ઓરડીઓનું ચણતર કરી તેઓના પરિવાર સાથે રહેતા હોય જેથી ફરિયાદીએ રાજકોટ કલેકટર સમક્ષ લેન્ડ ગ્રેબિંગ એક્ટની અરજી ગુજારેલ જેથી અન્ય પાંચ ભરવાડ ઇસમોએ જમીન ખાલી કરી આપેલ જ્યારે સીધા ભાઈ બાથાભાઈ સભાડ અને તેના પરિવારજનોએ જમીન ખાલી કરવાનો ઇન્કાર કરી રૂપિયા ૨૦ લાખની માંગણી કરેલ અને ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપેલ જેથી ફરિયાદીએ બનાવ અંગેની ફરિયાદ આપેલી હતી જેના અનુસંધાને પોલીસે ફરિયાદ નોંધી આરોપીની ધરપકડ કરેલ હતી ત્યારબાદ આરોપીને કોર્ટ સમક્ષ રજુ કરતા જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલવાનો હુકમ ફરમાવ્યો હતો ત્યારબાદ આરોપી દ્વારા જામીન ઉપર છુટવા માટે અદાલતમાં જામીન અરજી ગુજારેલ હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષકાર દ્વારા કરવામાં આવેલ દલીલો તથા ગુજરાત હાઇકોર્ટ તેમજ સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈને કોર્ટ આરોપી અમરાભાઈ સિંધાભાઈ સભાડ, રવિ ઉર્ફે વાંકો અમરાભાઈ સભાડને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ ફરમાવેલા હતો આ કેસમાં આરોપી વતી એડવોકેટ જીગ્નેશ એમ.સભાડ, રણજીત બી. મકવાણા રોકાયેલા હતા.

વ્યાજખોરીના ગુનામાં આરોપીની આગોતરા જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિજયભાઈ ચંદુલાલ ઠકરારે પોતાના ધંધાની જરૂરીયાત માટે તથા પોતાના પિતાજીની સારવાર અર્થે પોતાના મિત્ર મુકેશભાઈ કાનાભાઈ કેશવાલા પાસેથી રૂા.૫,૦૦,૦૦૦પુરા ૨૫ ટકા વ્યાજે લીધેલ હતા.જે અન્વયેનું વ્યાજ સાથે રૂા.૧૦,૦૦,૦૦૦ જેવી મોટી રકમ ચુકવી આપેલ હોવા છતા વધુ નાણા પડાવવાના ઈરાદે મુકેશભાઈએ ફરિયાદીની દુકાને જઈને તેઓની સાથે ગાળાગાળી કરી તથા તેઓના પરીવારના સભ્યોને જાનથી મારી નાખવાની ધમકી આપી તેઓ પાસેથી બળજબરીથી પ્રોમીસરી નોટ લખાવી લઈ તે અન્વયે કોરા સહી કરેલ ચેક મેળવી તે અન્વયેની ખોટી ફરિયાદ આ કામના મુકેશભાઈએ વિજયભાઈ ઉપર કરેલ હતી. તથા વધુ રૂા.૪,૦૦,૦૦૦ આપવા માટે સતત દબાણ કરતા હતા તથા ધમકીઓ તથા સતત પઠાણી ઉઘરાણી કરતા રહેતા હતા જેથી વિજયભાઈએ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં મુકેશભાઈ કાનાભાઈ કેશવાલા તથા અન્ય ત્રણ ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાતા આરોપી મુકેશભાઈએ ધરપકડથી બચવા માટે રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટમાં આગોતરા જામીન મેળવવા માટે અરજી દાખલ કરતા કોર્ટે આરોપી મુકેશભાઈ કાનાભાઈ કેશવાલાની આગોતરા જામીન અરજી રદ કરતો ઓર્ડર કરેલ હતો.

આ કેસમાં સરકાર તરફે એ.જી.પી અતુલભાઈ જોષી તથા મુળ ફરિયાદી તરફે સહાયક એડવોકેટ તરીકે ધારાશાસ્ત્રી ભરતસિંહ ગોહીલ,બી. પી.રાઠોડ, હરદીપસિંહ રાણા, જીતેન્દ્રસિંહ જાડેજા તથા કિર્તીરાજસિંહ ઝાલા રોકાયેલ હતા.

નટુભાઈ પરમારના પુસ્તક 'અનુવચન'નું ગાંધીનગર ખાતે થનારૂં વિમોચન

ભાગ્યેશ જહા, પુલક ત્રિવેદી, રમણ વાઘેલા, કલ્પેશ પટેલની પ્રેરક ઉપસ્થિતિ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ ખાતે પ્રાદેશિક માહિતી કચેરીમાં સંયુક્ત માહિતી નિયામક તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ ગાંધીનગર સ્થાયી થયેલા નિવૃત્ત અધિકારી નટુભાઈ પરમાર કે જેઓ લેખક અને પત્રકાર તરીકે ખ્યાતિ ધરાવે છે, તેઓના દસમા પુસ્તક 'અનુવચન' નું વિમોચન આગામી તા.૩૦ માર્ચના રોજ સવારે ૧૦ કલાકે રાધે બેન્કવેટ હોલ, સેક્ટર -૧, ગાંધીનગર ખાતે યોજાશે.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને ખ્યાતિપ્રાપ્ત સર્જક ભાગ્યેશ જહા, ગુજરાતી દલિત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને પ્રસિદ્ધ સાહિત્યકાર પ્રવીણભાઈ ગઢવી, વિખ્યાત લેખક-ચિંતક-વક્તા પુલક ત્રિવેદી, જાણીતા કવિ રમણ વાઘેલા અને સાહિત્યકાર કલ્પેશ પટેલ સહિતની પ્રતિભાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે. સુજ્ઞ સાહિત્યરસિકોને આ લોકાર્પણ કાર્યક્રમનો લાભ લેવા નિવૃત્ત સંયુકત માહિતી નિયામક નટુભાઇ પરમારે ભાવભીનો અનુરોધ કર્યો છે.

શનિવારે વેરાવળના બાદલપરા ગામમાં અંધશ્રધ્ધા નિવારણનો કાર્યક્રમ યોજાશે

જાથાનો ૧૦૦૧૭ મો જનજાગૃતિ કાર્યક્રમઃ ગ્રામજનોને લાભ લેવા અનુરોધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૨૮

ગીર સોમનાથ જિલ્લામાં ભારત જન વિજ્ઞાન જાથાની ટીમ બે દિવસમાં ત્રણ અંધશ્રદ્દા નિવારણના કાર્યક્રમો આપનાર છે. જેમાં તા. ૧ લી એપ્રિલ શનિવારે બાદલપરા અને તા.૨ જી એપ્રિલે વેરાવળમાં અંધશ્રધ્ધા નિવારણનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ આપશે. જેમાં જાથાના ચેરમેન -એડવોકેટ જયંત પંડયા વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વક્તવ્ય આપી ટીમના સદસ્યો ચમત્કારિક પ્રયોગોનું નિદર્શન કરશે. જાથાનો જનજાગૃતિ ૧૦૦૧૬, ૧૦૦૧૭ અને ૧૦૦૧૮ મો કાર્યક્રમ સંપન્ન થનાર છે.

વૈજ્ઞાનિક પધ્ધતિથી ઉદ્ઘાટન ધારાસભ્ય ભગવાનભાઈ બારડ કરશે. ઉપરાંત ગોવિંદભાઈ બારડ, રામભાઈ બારડ, જિલ્લા-તાલુકાના આગેવાનો અને ગ્રામ પંચાયતના સદસ્યો હાજરી આપશે.

ધારાસભ્યના અંગત સચિવ ભીખુભાઈ બારડે જણાવ્યું કે તા.૧ લી એપ્રિલ, શનિવારે રાત્રીના ૮ કલાકે વિશાળ સભામંડપમાં લોકજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં બાદલપરા, સોનારીયા, કાજલી, આજોઠા આસપાસના ગામના જાગૃત લોકો અને ગ્રામજનોને હાજરી આપવા અનુરોધ કરવામાં આવે છે.

રાજયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

રઘુવંશી સમાજના યુવા અગ્રણી મિત ખખ્ખરનો આજે જન્મદિવસ

રાજકોટઃ બાલાજી મિત્ર મંડળના યુવા પ્રમુખ, સામાજીક કાર્યકર, રઘુવંશી સમાજના યુવા અગ્રણી મિત હિતેષભાઈ ખખ્ખરનો આજે ૨૪ મો જન્મદિન, મિતભાઈ ખખ્ખર દ્વારા અવાર-નવાર સિવિલ હોસ્પિટલના જરૂરીયાતમંદ દર્દીઓ તેમજ થેલેસેમીયા પીડિત બાળકોના લાભાર્થે, રકતદાન કેમ્પ તથા ગરીબ દર્દીઓ તથા જરૂરીયાતમંદ લોકો માટે માં અમૃતમ કાર્ડ કેમ્પો પણ કરવામાં આવે છે. મિત હિતેષભાઈ ખખ્ખર (મો.૮૪૮૮૦ ૧૧૧૧૦) ના જન્મદિવસ નિમિતે તેમના બહોળા મિત્રવર્તુળ તેમજ શુભેચ્છકો દ્વારા આશીર્વાદની વર્ષા થઈ રહી છે.

રાજકોટમાં સિધ્ધ સમાધિ યોગ શિબિરનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટમાં ઋષિ સંસ્કૃતિ વિદ્યા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજીત શારિરીક, માનસિક, આર્થિક, આધ્યાત્મિક અને સર્વાંગિક વિકાસ અંગે ઉમા સદન, જે.કે. ચોક, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે તા.૧ એપ્રિલ થી તા.૯ એપ્રિલ સુધી સિધ્ધ સમાધિ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં પંચકોષ અને તેની શુધ્ધી કરવાની પ્રક્રિયાની વાત આવે છે જેના દ્વારા શારીરિક સ્વાસ્થય,



માનસિક સંતુલન અને સમજણમાં વિધેયાત્મક પરિવર્તન આવે છે અને વ્યક્તિ વિના કારણ આનંદમાં રહે છે. જે બાબત સિધ્ધ સમાધિ યોગ એટલે એસ.એસ.વાય. શિબિર દ્વારા અનુભવાય છે.

આ શિબિરમાં જોડાવા માટે પ્રોગ્રામ અંગે વિગતવાર માહિતી આપતું નિઃશુલ્ક ઈન્ટ્રોડકશન ઉમા સદન, જે. કે. ચોક, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે તા. ૨૯ માર્ચ સવારના ૯ કલાકે રાખેલ છે. આ શિબિરમાં ભાગ લેવા માટે ધર્મેશ તુવાર (મો. ૯૪૨૮૦૧૧૯૧૫)નો સંપર્ક કરવા ડો. બિનેશ પતાણીની યાદીમાં જણાવાયુ છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

ગુજરાતના બંદરોનો ડ્રગ્સની હેરફેર માટે દુરૂપયોગ થતો રોકવો મુખ્યમંત્રીનો આદેશ

પાડવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. જ્યારે ગૃહમંત્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું કે રાષ્ટ્રની સુરક્ષામાં ગુજરાતની દરિયાઈ સીમા સુરક્ષા મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે ત્યારે આ બેઠક ગુજરાતની કોસ્ટલ સિક્યુરિટીને વધુ મજબૂત બનાવવા તેમજ કોસ્ટલ સિક્યુરિટી ચેલેન્જીસને બારીકાઈથી સમજીને ક્યાંય સરહદી વિસ્તારની સલામતિમાં કચાશ ન રહે તેમાટે વધુ ગંભીરતા દાખવવાના ઉદ્દેશ સાથે યોજાઈ છે.

સરહદી સુરક્ષા વધુ મજબૂત બનાવવા માટે સરકારના અન્ય વિભાગો સાથે સંકલન રાખવા તેમણે અધિકારીઓને તાકિદ કરી હતી. આ બેઠકમાં ઉચ્ચ અધિકારીઓના અનુભવના આદાન-પ્રદાનથી અન્ય અધિકારીઓ શીખ લઈ રાજ્યની આંતરિક સુરક્ષા વધુ સુદઢ કરવામાં મદદરૂપ બની રહેશે. આ બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે.રાકેશ, ડીજીપી વિકાસ સહાય, અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, તમામ રેન્જ આઈજી, તમામ રેન્જ આઈજીપીઓ, રાજ્યના સરહદી જિલ્લાઓના કલેક્ટરો, જિલ્લા પોલીસવડાઓ, ફિશરીઝ વિભાગના અધિકારીઓ, ઈન્ટેલીજન્સ બ્યુરો, સેન્ટ્રલ એજન્સીઓ તેમજ એટીએસના અધિકારીઓ હાજર રહ્યા હતા.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

શહેરના પોપટપરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૦૧૦ આવાસોની યોજના

કરવેરા પણ લીઝ હોલ્ડરે ભરવાના રહેશે. પોપટપરા વિસ્તારમાં ટીપી-૧૯ ના એફપી નં.૧૨/એ તથા ૧૨/બી પર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૦૧૦ આવાસો બનાવવાની યોજના છે. પોપટપરામાં સ્મશાનની સામે ઘનશ્યામ બંગલાની બાજુમાં અને આરએમસી બગીચાની બાજુમાં આવાસો બનાવવામાં આવનાર છે. એ માટે કુલ રૂ.૧૯૨૮૮.૫૦ લાખના ખર્ચનો અંદાજ છે. ૩૦ ચો.મીના આવાસ માટેની મહતમ વેચાણ કિંમત રૂ.૩ લાખ, ૪૦ ચો.મી ના મકાન માટેની રૂ.૫.૫૦ લાખ, ૫૦ ચો.મી મકાન માટે રૂ.૧૨ લાખ અને ૬૦ ચો.મી મકાન માટે રૂ.૨૪ લાખની મહતમ વેચાણ કિંમત રહેશે. આ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા પ્રતિ આવાસ રૂ.દોઢ- દોઢ લાખની સહાય મંજૂર થયેલ છે. ઊઝ્ઝ-૧ માં લાભાર્થીઓનો ફાળો પ્રતિ આવાસ રૂ.૩ લાખ અને ટુ માં લાભાર્થીઓનો ફાળો પ્રતિ આવાસ રૂ.૫.૫૦ લાખ રહેશે.

વોર્ડ નં.૩ માં ૪૭ દુકાનના બાંધકામનું આયોજન કરાયું છે. જેના વેચાણ થકી મહાનગરપાલિકાને આવક થશે. આ માટે રૂ.૧૧૨૬૭ લાખનો ખર્ચ મંજૂર કરવા સ્ટેન્ડિંગની અનુમતી માંગવામાં આવી છે.(૨.૧૨)

રૂ.૨૦ લાખની બોગસ ચલણી નોટ સાથે પકડાયેલ આરોપીની જામીન અરજી રદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

રાજકોટ શહેરમાં આવેલ એકસીસ બેંકના ખાતેદાર એવા સાપરીયા સંદીપકુમાર કાંતીલાલ એ પોતાના ખાતામાં ૫૦૦ ના દરની કુલ ૨૬ નોટ જમા કરાવવા આવેલ ત્યારે બેંકના કેશીયર દ્વારા સદરહુ નોટ શંકાસ્પદ લાગતા ચેક કરતા તમામ ૨૬ નોટ નકલી હોવાનું જણાય આવતા બેંકના કેશીયરએ મેનેજર ને વાત કરતા બેંક મેનેજરે આર.બી.આઈ.ના નિયમ મુજબ કાર્યવાહી કરેલી અને તે જ દિવસે બપોરે એ.ટી.એમ. મશીનમાં પણ આ જ ખાતેદારે ૫૦૦ ના દરની ૬ નોટ એ.ટી.એમ. મશીન મારફતે પોતાના ખાતામાં જમા કરાવતા બેંકના મેનેજરે કુલ ૩૧ નોટ નકલી હોવાની ફરિયાદ એ.ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ.

ત્યારબાદ એ.ડિવિઝન પો.સ્ટે. ના જવાબદાર અધિકારી દ્વારા ગુન્હાની વધુ તપાસ કરતા આરોપી ભરત ઉર્ફે કિશોર મેરામભાઈ બોરીચાએ પોતાના મિત્ર તેજસ ઉર્ફે ગોપાલ રાજુભાઈ જસાણી વાળાનો સંપર્ક કરાવેલો અને તેજસને તેના મિત્ર વિમલ બીપીનભાઈ થડેશ્વર વાળાને નોટ જોઈતી હોય તો તેના મિત્ર ગુરૂપ્રિતસિંગ ઘનશ્યામદાસ કારવાણી વાળાનો સંપર્ક કરાવેલો અને આ ભરત ઉર્ફે કિશોર મેરામભાઈ બોરીચાને રૂા. ૫,૦૦,૦૦૦ ની નકલી નોટ ગુરૂપ્રિતસિંગ કારવાણીના મામાના દિકરા કમલેશ ઉર્ફે કનુ શીવનદાસ જેઠવાણી રૂા. ૫,૦૦,૦૦૦ ની નકલી નોટ લઈને રાજકોટ વિમલ થડેશ્વરની ઓફિસે કમલેશ તથા ગુરૂપ્રીતસીંગ તથા ભરત વિમલનો ભાઈ મયુરએ રીતેના બધા ભેગા થયેલ અને નકલી નોટનો સોદો કરેલ અને કમલેશ રૂપિયા ૪,૬૭,૦૦૦ ની નકલી નોટ ભરતને આપેલ અને તેના બદલામાં રૂા. ૨,૧૦,૨૦૦ ની સાચી નોટ ભરતે કમલેશ ઉર્ફે કનુ શીવનદાસ જેઠવાણીને આપેલ હતી. ત્યારબાદ સદરહુ ગુન્હાની તપાસ દરમ્યાન રીમાન્ડ ઉપર રહેલા આરોપી ભરત બોરીચાનાઓને સાથે રાખી તેના મુળ વતન રાજુલા મુકામે જઈ તેના રહેણાંક ઘરની જડતી તપાસ કરતા તેને સંતાડી રાખેલે રૂ.૧,૨૦,૫૦૦ ની ભારતીય ચલણની નકલી નોટો સદરહુ આરોપી પાસેથી પંચનામા મુજબની નકલી નોટ કબ્જે કરવામાં આવેલી. વધુમાં આ કામમાં તપાસ દરમ્યાન આરોપી કમલેશ ઉર્ફે કનૈયાલાલ શીવનદાસ જેઠવાણીને ભાવનગરથી મળી આવતા અટક કરવામાં આવેલી. આ ગુન્હામાં આરોપી

એડવોકેટ: રક્ષિત કલોલા

રમેશબાબુ સ/ઓ. વૈન્કેટહ કસ્તુરી વાળાની ધરપકડ કરેલી. જેથી આરોપી રમેશબાબુ સ/ઓ. વૈન્કેટહ કસ્તુરી નાએ રાજકોટની સેશન્સ કોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરતા સેશન્સ કોર્ટે તમામ આરોપીઓની રેગ્યુલર જામીન અરજી નામંજુર કરેલી. આ કામમાં સરકાર પક્ષે સરકારી વકીલ રક્ષિત વી. કલોલા રોકાયેલા હતા.

વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ જનસંપર્ક કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લેતા રાજયના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા

ધારાસભ્ય ઉદય કાનગડ, મેયર ડો.પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિન મોલીયા, વલ્લભભાઈ દુધાત્રા દ્વારા ભાનુબેન બાબરીયાનું સ્વાગત કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વિધાનસભા-૬૮, રાજકોટ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડની એક અખબારી યાદીમાં જણાવાયું હતું કે રાજયના સમાજ કલ્યાણ તેમજ મહિલા વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા રાજકોટ (પૂર્વ) વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડના પેડક રોડ સ્થિત જન સંપર્ક કાર્યાલય ખાતે પધારેલ હતા. આ તકે ભાનુબેન બાબરીયાનું ધારાસભ્ય ઉદય કાનગડ, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિન મોલીયા, વલ્લભભાઈ દુધાત્રા, કોર્પોરેટર નિલેશ જલુ, પૂર્વ કોર્પોરેટર અનીલ રાઠોડ, ભાજપ અગ્રણી મનસુખભાઈ પીપળીયા સહિતના અગ્રણીઓ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું.

તેમજ ભાનુબેન બાબરીયાને વિધાનસભા-૬૮ના જનસંપર્ક કાર્યાલય ખાતેથી રોજેરોજ યોજાતી વિવિધ જન સેવાકીય પ્રવૃતિઓ અને કેન્દ્ર તેમજ રાજયની ભાજપ સરકાર દ્વારા અમલમાં મુકાયેલ વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓના લાભ જન-જન સુધી પહોંચે તે માટે યોજાતા સેવા કેમ્પની માહિતી અપાઈ હતી, તેમજ અત્યાર સુધી ૪ હજારથી વધુ લોકોએ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ લીધો હતો ત્યારે વિધાનસભા-૬૮ દ્વારા રોજેરોજ યોજાતા આ જનસેવા કાર્યને બિરદાવી ભાનુબેન બાબરીયાએ ધારાસભ્ય ઉદય કાનગડને શુભેચ્છા પાઠવેલ હતી.

આ તકે ઉદય કાનગડ, વિધાનસભા-૬૯ના ધારાસભ્ય ડો. દર્શીતાબેન શાહ, મેયર ડો. પ્રદિપ ડવ, શહેર ભાજપ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ, પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વીન મોલીયા, વલ્લભભાઈ દુધાત્રા, કોર્પોરેટર નિલેશ જલુ, પૂર્વ કોર્પોરેટર અનીલ રાઠોડ, દલસુખ જાગાણી, ભાજપ અગ્રણી મનસુખભાઈ પીપળીયા, કોર્પોરેટરો કંકુબેન ઉધરેજા, નયનાબેન પેઢડીયા, કાળુભાઈ કુંગશીયા, વજીબેન ગોલતર, રસીલાબેન સાકરીયા, હાર્દીક ગોહીલ, દેવુબેન જાદવ, મંજુબેન કુંગશીયા, પરેશ પીપળીયા, ભાવેશ દેથરીયા, રૂચીતાબેન જોષી, સુરેશ વસોયા, વોર્ડના પ્રભારી રમેશભાઈ પરમાર, જીણાભાઈ ચાવડા, વોર્ડ પ્રમુખ-મહામંત્રીઓમાં દિનેશ ચૌહાણ, કાનાભાઈ ઉધરેજા, દિનેશ ઘીયાળ, મુકેશ ધનસોતા, દિનેશ ડાંગર, દુષ્યંત સંપટ, વીરમભાઈ રબારી, સોમભાઈ ભાલીયા, મહેશ બથવાર, રત્નાભાઈ મોરી, ભાર્ગવ મિયાત્રા, જીતુભાઈ સીસોદીયા, જતીન પટેલ, શિક્ષણ સમિતિના રવીભાઈ ગોહેલ, જે.ડી. ભાખર તેમજ સંજય ચાવડા તેમજ સ્થાનીક અગ્રણીઓ અને વિવિધ એસોસિએશનના પ્રમુખ સહિતના બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા અને રાજયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયાનું અભિવાદન કરેલ હતું.

ગુજરાત વિધાનસભામાં સૌરાષ્ટ્રનું ઈન્ડસ્ટ્રીયલ હબ રાજકોટને કન્વેન્સન સેન્ટર આપવા ધારાસભ્ય રમેશ ટીલાળાની ધારદાર રજૂઆત

રાજકોટમાં અંદાજે ૩૫-૪૦ હજાર સ્મોલ-મીડીયમ ઈન્ડસ્ટ્રીઝનો સર્વાંગી વિકાસ થશે અને ઈન્ડસ્ટ્રીયલ પ્રોડકટસનો દેશ-વિદેશમાં વેપાર વધશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરદર્શી નેતૃત્વમાં ભારતે જી-૨૦ ની અધ્યક્ષતા પ્રાપ્ત કરી છે અને તમામ સુખાકારી માટે વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભુમિકા ભજવવા તૈયાર છે. ભારત માટે જી-૨૦ ની અધ્યક્ષતા ભારત દેશનાં ઈતિહાસમાં એક નિર્ણાયક બાબત બની રહેશે કારણ કે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થશે. જી-૨૦ સભ્યોમાં ભારત ઉપરાંત આર્જિન્ટીના, ઓસ્ટ્રેલીયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશીયા, ઈટલી, રિપ્લીક ઓફ કોરીયા, મેકસિકો, રશિયા, સાઉદી અરેબીયા, દક્ષીણ આફ્રિકા, તુર્કિ, યુનાઈટેડ કીંગડમ, યુનાઈટેટ સ્ટેટ ઓફ યુરોપિયન યુનિયનનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય આર્થિક સહકાર માટેના મુખ્ય મંચ તરીકે જી-૨૦ તમામ મુખ્ય આર્થિક મુદ્દાઓ ઉપર વૈશ્વિક માળખાને આકાર આપવા અને મજબુત બનાવવા મહત્વપૂર્ણ ભુમિકા ભજવે છે. રાજકોટ-૭૦ ના ધારાસભ્ય

રમેશભાઈ ટીલાળાએ વિધાનસભામાં જી-૨૦નું ભારત દેશને નેતૃત્વ મળેલ તે બદલ નરેન્દ્રભાઈ મોદીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ, અને સાથે સાથે જી-૨૦ ના સભ્યો દેશો સાથે ઈન્ડસ્ટ્રીયલ વેપાર ક્ષેત્રે સીધો સંપર્ક રહે તે માટે સૌરાષ્ટ્રનું ઈન્ડસ્ટ્રીયલ હબ તરીકે વિકસીત બનેલ રાજકોટને ઈન્ડસ્ટ્રીયલ કન્વેન્શન સેન્ટર મળી રહે તે માટે વિધાન સભામાં ધારદાર રજૂઆત કરેલ છે. ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ વધુ જણાવેલ કે સૌરાષ્ટ્ર-રાજકોટમાં નાના-મોટા મળી આશરે ૩૫ થી ૪૦ હજાર ઈન્સ્ટ્રીયલ યુનિટો હાલમાં દેશ-વિદેશમાં પોતાના બિઝનેશ કરી રહેલ છે, મોટા ભાગના યુનિટો હાલમાં આધુનિક ટેકનોલોજી અને સુવિધાઓથી સજ્જ હોય વિશ્વના કોઈપણ દેશનાં બિઝનેશમેન સાથે કામ કરવા સક્ષમ છે.

સમગ્ર ભારતમાં સૌરાષ્ટ્ર-રાજકોટ ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્રે આગવી ઓળખ પામી ગયેલ છે. આગામી સમયમાં યોજાનાર જી-૨૦ માં અનેક દેશોના સાથે રાજકોટ-સૌરાષ્ટ્રના ઈન્ડસ્ટ્રીયાલીસ્ટો પોતાની પ્રોડક્ટસનો બિઝનેશ કરી સમગ્ર વિશ્વમાં રાજકોટ ઈન્ડસ્ટ્રીઝ ક્ષેત્રે ભારતનું નામ રોશન કરે તે માટે ચોટદાર રજૂઆત કરેલ. સાથે સાથે ઈન્ડસ્ટ્રીયલ ક્ષેત્રે રોજગારીની વિપુલ તક ઉભી થશે જેના કારણે યુવાનોને રોજગાર લક્ષી પ્રશ્નોનું પણ મહદઅંશે ફાયદો પણ થશે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

સમસ્ત જૈન સમાજ રાજકોટ દ્વારા શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણ મહોત્સવ ઉપલક્ષ

રાજકોટમાં સર્વ પ્રથમ મહાવીર સ્વામીના ૨૭ ભવની નાટીકાનું ભવ્ય આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
અમદાવાદ, તા.૨૮

રાજાણી ધર્મપ્રીય અને સાંસ્કૃતિક નગરીમાં અનેક સેવાભાવી સંસ્થાઓ વિવિધ પ્રકારના આયોજનો કરી રહી છે. છેલ્લા ૩૫ વર્ષથી રાજકોટમાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જન્મ કલ્યાણ મહોત્સવ ઉપલક્ષ વધામણા રૂપે વિવિધ પ્રકારના આયોજનો વિવિધ સંસ્થાઓ દ્વારા થઈ રહ્યા છે.ભગવાન મહાવીર સ્વામીના અહિંસા પરમો ધર્મના સિધ્ધાંતને વિશ્વભરમાં વર્ષોથી પ્રતિસાદ મળી રહ્યો છે. સર્વે જીવોના કલ્યાણ અર્થે ભગવાન મહાવીર સ્વામીના જીવો અને જીવવા દો ના સિધ્ધાંતના વાસ્તવીક રીતે અમલમાં મુકવા પડશે તેમાં જ સર્વેનું કલ્યાણ છે. મહાવીર સ્વામીના ૨૭ ભવોના સારને અદભૂત રીતે વણી લીધેલી નાટીકા એક ડગલુ ભગવાન મહાવીર તરફ તા.૪-૪ ના રોજ હેમુ ગઢવી હોલ ખાતે બપોરે ૩ કલાકે રાજકોટના અનેક ધર્મપ્રેમી બહેનો તથા ભાઈઓ એવમ કલાકારો દ્વારા આ નાટીકા અદભૂત રીતે પ્રસ્તુત કરવામાં આવશે. સમગ્ર આયોજન સમસ્ત જૈન સમાજ રાજકોટ દ્વારા કરવામાં આવેલું છે. આ સમારોહના મુખ્ય અતિથી વિશેષ તરીકે પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી, મંત્રી ભાનુબેન બાબરીયા,

પૂ. ગુરૂવર્યો એવમ પૂ. મહાસતીજીઓના માર્ગદર્શનથી દિવ્ય આયોજન

ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ અને રાજકોટના મેયર પ્રદીપભાઈ ડવ ઉપસ્થિત રહી દીપપ્રાગટય કરશે. સર્વે પૂ. ઉપકારી ગુરુભગવંતો એવમ પૂ. મહાસતીજીઓની નિશ્રામાં ભજવનારુ આ નાટક પ્રવચન પ્રભાવિકા પૂ. અજીતાબાઈ મ. એવમ ડો. પૂ. પન્નાબાઈ મ.ની પ્રેરણાથી ગુજરાતરત્ન પૂ.શ્રી સુશાંતમુનિ મ.સા. એવમ રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવશ્રી નમ્રમુનિ મ.સા.ના આશિર્વાદથી યોજાઈ રહ્યું છે. આ ભવ્યાતુભવ્ય ડ્રામાનું નામ એક ડગલુ ભગવાન મહાવીર તરફ છે. રાજકોટ જૈન સમાજના મહિલા મંડળોની ૧૨૫ કલાપ્રેમી ક્સબીઓ દ્વારા ભગવાન મહાવીરની ૨૭ ભવની ભવયાત્રાનો અનોખો નાટય પ્રયોગ ના પાસ ઉપાશ્રયેથી મળશે.(૪)

વિંછીયા કોળી સમાજના કરસનભાઈ ધોરીયાનું અવસાન થતાં ચક્ષુદાન કર્યું

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૮

વિંછીયાના કોળી સમાજના સામાજીક અગ્રણી શામજીભાઈ કરશનભાઈ ધોરીયા તથા હરેશભાઈ કરશનભાઈ ધોરીયા અને સ્વ. રાજુભાઈ કરસનભાઈ ધોરીયાના પિતા કરસનભાઈ જસમતભાઈ ધોરીયાનું અવસાન થતાં સ્વ. કરસનભાઈના પુત્રો શામજીભાઈ તથા હરેશભાઈએ તેમના પિતાના ચક્ષુનું ચક્ષુદાન કર્યું હતું અને કોળી સમાજમાં એક નવો રાહચિંધ્યો હતો. વિંછીયાના નવજાગૃતિ સેવા મંડળ દ્વારા આ ચક્ષુદાન

કરવામાં આવ્યું હતું. શામજીભાઈએ કોરોનાકાળમાં પણ નવજાગૃતિ સેવા મંડળ ટ્રસ્ટના માધ્યમથી વિવિધ સેવાકીય કાર્યો કર્યા હતા.

કે.એસ.પી.સી. ખાતે ચાર નવા લેબર કોડ વિશે સેમિનાર સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

કચ્છ-સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલના બાન હોલ ખાતે ચાર નવા લેબર કોડ અંગે એક દિવસીય સેમિનારનું આયોજન કરેલ હતુ.આ સેમિનાર કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેના માર્ગદર્શન હેઠળ ખૂબ જ સફળતાપૂર્વક સંપ્પન થયેલ હતો.

કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેએ પોતાના વક્તવ્યમાં જણાવેલ હતું કે જયારે નવા લેબર કોડ આવી રહ્યા છે. ત્યારે તે લેબર કાયદાઓનુ હાર્દ જાણવા અત્યારથી આપણે તેનો અભ્યાસ શરૂ કરશું તો જયારે અમલીકરણ કરવામાં આવશે. ત્યારે આપણે અસરકારક રીતે તેના લાભ ગેરલાભ જાણી શકશું તેથી તેની જાણકારી રાખવી ખુબ જ આવશ્યક છે. આ નવા લેબર કોડ જેને પણ લાગુ

પડનાર હોય. જેમાં શ્રમિકો, કારખાનેદાર, વગેરેને આ કોડની માહિતી હોવી ખુબ જ જરૂરી છે જેથી આ કોડનો મુળ ધ્યેય સિધ્ધ થઈ શકે.

આ કાર્યક્રમમાં ચાર નવા લેબર કોડ જેમાં (૧) સોશિયલ સિક્યુરીટી કોડ, (૨) ઈન્ડસ્ટ્રીઅલ રિલેશન્સ કોડ, (૩) ઓક્યુપેશનલ સેફ્ટી,હેલ્થ એન્ડ વર્કિંગ કંડિશન કોડ, (૪) વેજીસ કોડનો સમાવેશ થાય છે. આ સેમિનારમાં આશરે ૭૦ જેટલા કંપનીઓના એચ.આર., મેનેજરો, ડાયરેકટરો, એડવોકેટ તથા રસ ધરાવતા લોકોએ ભાગ લીધેલ હતો.

જસદણ પાલિકના વેરા પ્રકરણમાં ડો.બોઘરાની મુખ્યમંત્રીને રજૂઆત

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૮

જસદણ નગરપાલિકા દ્વારા વેરા વધારાનો અમલ મોકૂફ રાખવા સામાન્ય સભામાં સર્વાનુમતે ઠરાવ થયા બાદ તે પ્રાદેશિક નગરપાલિકા નિયામક પાસે પેન્ડિંગ હોય તેનો ઉકેલ લાવવા ડો. બોઘરાએ મુખ્યમંત્રીને રજૂઆત કરી છે.

ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરાએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીને રૂબરૂ મળીને જસદણ નગરપાલિકાના વેરા પ્રકરણ અંગે રજૂઆત કરી હતી અને આ અંગે નગરપાલિકા નિયામકને યોગ્ય કરવા માટે ગાંધીનગર કક્ષાએથી સૂચના આપવામાં આવી હોવાનું ડો. ભરતભાઈ બોઘરાએ જણાવ્યું હતું.

જસદણની ભાજપ શાસિત

નગરપાલિકા દ્વારા વેરા વધારાનો અમલ મોકુફ રાખવાનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો હતો. ત્યારબાદ આ પ્રકરણ નગરપાલિકા અધિનિયમની જોગવાઈ મુજબ પ્રાદેશિક નગરપાલિકા નિયામકને આખરી મંજૂરી અર્થે મોકલવામાં આવ્યું હતું. પરંતુ વેરા વધારાનો અમલ મોકૂફ રાખવાના ઠરાવને પ્રાદેશિક નગરપાલિકાની નિયામક દ્વારા મંજૂરી નહીં મળતા જસદણ નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા વધારેલા વેરા મુજબ જ બિલની વસુલાત ચાલુ રાખવામાં આવી છે. જસદણ વિસ્તારના પ્રજાજનોની લાગણી અને માગણીને ધ્યાને લઈને ભાજપના ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરાએ આ અંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રૂબરૂ મળીને વધારેલા વેરાના ઠરાવનો અમલ મોકૂફ રાખવા માટે અને જુના દર મુજબ જ વેરા વસુલાત ચાલુ રહે તે માટે યોગ્ય કરવા અને પ્રાદેશિક નગરપાલિકા નિયામકને સૂચના આપવા ભાજપ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરાએ રજૂઆત કરી છે.

ધારાશાસ્ત્રીઓને ઉનાળામાં કાળો કોટ પહેરવામાંથી મુકિત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન અનિલ કેહ્લા, ભરત ભગત અને દીપેન દવે એક અખબારી યાદીમાં જણાવે છે કે, બાર કાઉન્સિલ ઓલ ઈન્ડીયાના રૂલ્સ દ્વારા સમગ્ર ભારત દેશના વકીલાતના વ્યવસાય સાથે સંકળાયેલ તમામ જીલ્લા અને તાલુકા કોર્ટના ધારાશાસ્ત્રીઓને કાળા કોટ સાથે ચોકકસ પ્રકારની ડ્રેસ પહેરવાનો ફરજીયાત બનાવવામાં આવેલ છે.

ભારત દેશના જુદા-જુદા રાજયોની ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર દેશમાં ઋતુઓનું પ્રમાણ અનિયમિત તેમજ અમુક ભાગોમાં ગરમીનું પ્રમાણ વધુ જોવા મળતું હતું. પરિણામે ઉનાળાના સમયમાં તાલુકા અને જીલ્લા અદાલતોમાં કામ કરતા ધારાશાસ્ત્રીઓને ગરમીના ઉંચા પારાને કારણે ઉનાળાના સમયમાં એટલે કે, અપ્રિલથી જુલાઈ સુધીના સમયગાળામાં કાળો કોટ પહેરવાને કારણે ગરમીનો અસહય ત્રાસ સહન કરવો પડતો હતો. જેને પરિણામે ગુજરાત સહિતના જુદા-જુદા રાજયોની બાર કાઉન્સિલો દ્વારા બાર કાઉન્સિલ ઓફ ઈન્ડીયાને ઉનાળાના સમયમાં ધારાશાસ્ત્રીઓને

તા.૧ એપ્રિલથી તા.૩૧ જુલાઈ સુધીનો બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનો ઠરાવ

ડ્રેસકોડના નિયમમાં છૂટછાટ આપવા માટે રજૂઆત કરવામાં આવતી હતી. સને ૨૦૦૨માં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા એડવોકેટ એકટ હેઠળની કલમ- ૪૯ પ્રમાણે ડ્રેસકોડના નિયમમાં સુધારો કરવામાં આવેલ અને તે સમયના ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા એસ.પી.ભરૂચાએ તે નિયમની મંજૂરી આપેલ હતી.

જેથી ડ્રેસકોડ સંદર્ભમાં ઉનાળાના સમય દરમ્યાન ધારાશાસ્ત્રીઓને ચોકક્સ સમય દરમ્યાન મુકિત આપવા માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા ગુજરાત હાઈકોર્ટને થયેલ રજૂઆત અનુસંધાને ભરતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ તથા ક્રીમીનલ મેન્યુઅલ ૧૯૭ અનુસાર ખાસ ગુજરાત હાઈકોર્ટના નોટીફીકેશન દ્વારા ઉનાળાના સમય દરમ્યાન એટલે કે તા.૧લી એપ્રિલથી તા.૩૧મી જુલાઈ સુધી નીચલી અદાલતો સેશન્સ તથા જીલ્લા અદાલતોમાં કાળો કોટ પહેરવામાંથી મુકિત આપવામાં આવેલ અને આ સમય દરમ્યાન ધારાશાસ્ત્રીઓએ સફેદ શર્ટ, સફેદ કોલર્સ સાથે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના લોગો સાથેની કાળી ટાઇ પહેરવી તેવો નવો સુધારો કરવામાં આવેલ અને ગુજરાતની તમામ નીચલી અદાલતો સેશન્સ તથા જીલ્લા અદાલતોમાં તા. ૧લી એપ્રિલથી તા. ૩૧મી જુલાઈ સુધી ગુજરાતના તમામ ધારાશાસ્ત્રીઓને આ નિયમ મુજબ મુકિત મળેલ છે.

ગુરૂવારે શુભ સિદ્ધિ યોગ તથા રવિયોગમાં રામનવમી સાથે સ્વામિનારાયણ જયંતિ

ચૈત્ર સુદ નોમને ગુરૂવાર તા ૩૦-૩-૨૩ આ દિવસે રામ નવમી અને સ્વામિનારાયણ જયંતિ પણ છે. આ દિવસે સિદ્ધિયોગ તથા રવિયોગ છે પંચાંગ માં સિદ્ધિયોગ અને રવિયોગ વાળા દિવસને શુભ માનવામાં આથી આ દિવસ ઉત્તમ છે. શ્રી રામ નામનું મહત્વ શ્રી રામ શબ્દમાં ત્રણ અક્ષર છે. ૨ અ મ ૨ એટલે અગ્નિનું બીજ જે અશુભ કર્મને બાળે છે. - અ એટલે સુર્યનું બીજ તે અહંકાર નાશ કરે છે અને જ્ઞાનની પ્રામિ કરાવે છે મ એટલે ચંદ્રનું બીજ આધી, વ્યાધી અને ઉપાધી હરી લે છે. રામ નામ ઉંઁકાર સમાન છે. બીજા બધા મંત્ર જાપ બોલવામાં નીતિ નિયમ છે ફક્ત રામ નામ ના મંત્ર મા જ એવો છે કે જે કોઈપણ જગ્યાએ કોઈપણ સમયે બોલી શકાય છે ઘર પૂજા મંદિર અને સ્મશાનમાં પણ બોલી શકાય છે. રામનવમીના દિવસે ઉપવાસ અથવા એકટાણું - કરવું. રામ નામનું લેખન કરવું. શ્રીરામના ૭ સૌથી સરળ મંત્રોમાં છે દરેક મુશ્કેલી દૂર કરે છે. શ્રી રામનવમી પર શ્રી રામના ૭ મંત્ર તમારી મુસીબતો દૂર કરશે. શ્રીરામ નવમીના દિવસે આ મંત્રના જપ પણ કરવા પણ ઉત્તમ છે.

(૧) રામ આ મંત્ર કોઈપણ જગ્યાએ બોલી શકાય છે કોઈપણ સમયે બોલી શકાય છે મહામંત્ર છે. જીવનની મુસીબત દૂર કરે છે શાંતિ આપે છે. (૨) રાં રામાય નમઃ આ મંત્રના જાપ કરવાથી આર્થિક સંકટ દૂર થાય છે. (૩) રામચંદ્રાય નમઃ આ મંત્રના જપથી જીવનના કલેશ દૂર થાય છે. (૪) ઉંઁ રામભદ્રાય નમઃ કાર્યની ખેતી માટે પ્રભાવી મંત્ર છે. (૫) ઉંઁ નમો ભગવતે રામચંદ્રાય આ મંત્ર આપત્તિના નિવારણ છે. (૬) શ્રી રામ જય રામ જય - જય રામ આ મંત્ર શુભ મનોકામના માટે (૭) શ્રીરામ ગાયત્રી મંત્ર- ઉંઁ દશરથાય વિમહે સીતા વલ્લભાય ધીમહિ તન્નો રામઃ પ્રચોદયાત...સર્વ કાર્ય સિદ્ધ માટે છે. કોઈપણ વ્યક્તિ ભાઈઓ બહેનો બધા જ આ મંત્ર જપી સકે છે. રામનવમીના દિવસે શ્રી રામચંદ્ર ભગવાનનું સ્થાપન કરી પૂજન કરી અને આ મંત્ર જપનું અનુષ્ઠાન કરવું ઉત્તમ ફળદાય છે. તે ઉપરાંત દરરોજ પણ આ મંત્ર જપનું અનુષ્ઠાન કરી શકાય છે સાથે રામનવમીના દિવસે રામરક્ષા સ્તોત્રનો પાઠ કરવો પણ ઉત્તમ છે.

શ્રી રામ ભગવાનનું પૂજનઃ- રામ નવમીના દિવસે બપોરે ૧૨ વાગ્યે શ્રીરામચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે. એક બાજોઠ કે પાટલા ઉપર સફેદ વસ્ત્ર પાથરી તેના પર શ્રીરામચંદ્ર ભગવાનની છબી પધરાવી. છબીની બાજુમાં દિવો કરવો. ભગવાનને ચંદનનું તિલક ચોખા કરી પોતે પણ ચાંદલો કરવો. ભગવાનને ફુલ અર્પણ કરવું. ચોખા, અબીલ, ગુલાલ અર્પણ કરવા. નૈવેધમાં પંજરી ધરાવી, ફળ ધરાવા આ બધી પુજા કરતા કરતા શ્રીરામ નામ ઘરના બધા જ સભ્યોએ લેતા રહેવું. ત્યારબાદ રામ ભગવાનની આરતી ઉતારી અને ક્ષમાયાચના માંગવી. આ દિવસે સાથે લક્ષ્મણજી અને સિતાજીનું પણ પુજન કરવું ઉત્તમ છે. રામ નવમીના દિવસે બપોરે અભિજીત મુર્હુત ૧૨.૨૬ થી ૧.૧૫ સુધી તેમાં પણ શ્રીરામ ચંદ્ર ભગવાનનું પુજન કરવું ઉત્તમ છે.

શ્રી રામચંદ્ર ભગવાનને પંજરી પ્રસાદનું મહત્વઃ- ભગવાન શ્રીરામનો જન્મ હોય કે કૃષ્ણ જન્મ હોય જન્મ ઉત્સવમાં પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે. પંજરીમાં ધાણા, સાકર અને નાળિયેરી આવે છે. જે શુભ સૂચક છે અને એક માન્યતા પ્રમાણે ભગવાનને પંજરી બહુ પ્રિય હતી. આથી પણ પંજરી ધરાવવાનું મહત્વ છે સાથે પંજરીમાં ઠંડકના ગુણ વધારે છે સાથે પાચન માટે પણ ઉત્તમ છે જે આરોગ્યની દ્રષ્ટિએ પણ સારી છે. આમ ભગવાનને પંજરી ધરાવવાનું મહત્વ વધારે છે.

શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

જસદણ શ્રીનાથજી હવેલીમાં યમુનાજી પ્રાગટ્ય મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો

(ધર્મેશ કલ્યાણી દ્વારા)
જસદણ, તા.૨૮

જસદણની શ્રીનાથજી હવેલી ખાતે યમુનાજી પ્રાગટ્ય મહોત્સવની ભવ્યતાથી ઉજવણી થઈ હતી.

સૌરાષ્ટ્રમાં શ્રીનાથજીના તીર્થ તરીકે પ્રસિદ્ધ પુષ્ટિ માર્ગિય વૈષ્ણવ સમાજ ટ્રસ્ટ સંચાલિત શ્રીનાથજીની હવેલી જસદણ ખાતે હિરાબેન ચંદુલાલ પટેલ યમુનાજી પ્રાગટ્ય મહોત્સવ ફંડના ઉપક્રમે શ્રીયમુના મહારાણીજીનો પ્રાગટ્ય મહોત્સવ ભવ્ય અને દિવ્યતાની ઉજવાયો હતો.

જસદણ હવેલીના યમુના મહિલા મંડળમાં સભ્ય થયેલા તમામ બહેનો માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં

આવ્યું હતું. હવેલી ખાતે બપોરે ૧૨ કલાકે નંદમહોત્સવ , રાજભોગ, તિલક દર્શન વગેરે યોજાયા હતા. નંદમહોત્સવ દરમિયાન કીર્તનીયાઓએ કીર્તનની રમઝટ બોલાવી હતી. મુખ્યાજી ઘનશ્યામભાઈ જોશીએ ઠાકોરજીને પલને ઝુલાવ્યા હતા.

યમુનાજી પ્રાગટ્ય મહોત્સવ નિમિતે શ્રીનાથજીને અદભુત શ્રુંગાર કરવામાં આવ્યો હતો. બહેનોએ ઠાકોરજી સમક્ષ મહારાસ લીધા હતા. બપોરે મોટી સંખ્યામાં બહેનોએ મહાપ્રસાદ ભોજનનો લાભ લીધો હતો. સાંજે હવેલીના સત્સંગ મંડળના બહેનો દ્વારા હવેલી ખાતે યમુનાષ્ટકના પાઠ તેમજ સત્સંગ યોજાયા હતા. તેમ શ્રીનાથજી હવેલી જસદણના પ્રમુખ કિરીટભાઈ પટેલની યાદી જણાવે છે.

આવતીકાલે 'આયુષ્યમાન ભારત કાર્ડ કેમ્પ' યોજાશે

સર્જન ફાઉન્ડેશનના પ્રમુખ અને પ્રદેશ ભાજપ મીડિયા સદસ્ય/પ્રભારી (જામનગર, દ્વારકાના) સુરેશ પરમાર, રાવણા રાજપૂત સમાજના પ્રદેશ અધ્યક્ષ કાનાભાઈ ચૌહાણ સર્જન ફાઉન્ડેશનના ઉપાધ્યક્ષ ગુણવંત ભટ્ટ (જય સોમનાથ) સિનિયર સિટીઝન કલબના પ્રમુખ દેવેન્દ્રસિંહ રાણા, અલ્પેશભાઈ ગોહિલ, ભાવેશભાઈ 'સૌરાષ્ટ્ર ક્રાંતી' ની શુભેચ્છ મુલાકાતે આવેલા હતા. અને સમગ્ર કાર્યક્રમની માહિતી આપી હતી.

રાજકોટ મહાનગરપાલિકાના સહયોગથી સર્જન ફાઉન્ડેશન, રાષ્ટ્રીયશાળા, સિનિયર સિટીઝન કલબ અને રાવણા રાજપૂત સમાજના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન

કમલેશ મિરાણી, જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, ડો. રાજેશ્રીબેન ડોડીયા, જીતુ ભટ્ટ, રાજુ પોબારૂ, પિયુષ મહેતા, પરેશ ગજેરા, ભંવરસિંહ દેવડા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

લોકોની સુખાકારી વધારવા માટે જ નહીં, પરંતુ પ્રજાના દુઃખ દર્દમાં સરકાર તેમની સાથે છે. આધુનિક જીવનશૈલીને કારણે અનેક રોગીમાં વૃધ્ધિ થઈ છે. આવા સંજોગોમાં ઈલાજ સરકારી હોસ્પિટલોની સાથે સાથે રાજયની ૧૨૦૦ જેટલી હોસ્પિટલોમાં સારવાર મળી રહે છે. તે માટે સરકાર દ્વારા તાજેતરના બજેટમાં રૂા. પાંચ લાખથી વધારી ૧૦ લાખ કરવાનો નિર્ણય કરેલ છે. સર્વે સન્તુ સુખી ભવના ન્યાયે પ્રજાને ગંભીર બિમારીમાં ગુણવતા સભર આરોગ્ય સેવાઓ મળે તેવું સુદ્રઢ આયોજન સરકાર દ્વારા કરેલ છે. જેમાં આયુષ્યમાન ભારત કાર્ડ ચકી જે તે સંલગ્ન હોસ્પિટલમાં સારવાર થઈ શકે છે.

આયુષ્યમાન ભારત કાર્ડ મેળવવા માટે સરકારના નિયમોનુસાર સરકારી કચેરીઓમાંથી કાઢી આપવામાં આવે છે તેમજ શહેરની સામાજિક અને સેવાકીય પ્રવૃતિ ધરાવતી અનેક સંસ્થાઓ પણ લોક ઉપયોગી કાર્યો કરવાની સાથે સાથે સમયાંતરે કેમ્પ યોજીને લોકોને આયુષ્યમાન ભારત કાર્ડ મળે તે માટે કોર્પોરેશનના સહયોગથી આગામી તા.૨૯ ને બુધવારના રોજ રાજકોટની ખૂબજ જાણીતી સંસ્થા સર્જન ફાઉન્ડેશન, રાષ્ટ્રીય શાળા, સિનિયર સિટીઝન કલબ અને રાવણા રાજપૂત યુથ ગુજરાતના સંયુકત ઉપક્રમે સવારે ૧૦ થી સાંજના ૫ કલાક સુધી રાષ્ટ્રીય શાળાના મધ્યસ્થ હોલ ખાતે સુવ્યવસ્થિત આયોજન સાથે રાખવામાં આવેલ છે. આ કેમ્પમાં લાભાર્થીઓએ કાર્ડ મેળવવા માટે, મામલતદારનો આવકનો દાખલો આધારકાર્ડ અને કુપનની ઝેરોક્ષ સાથે ઓરીજીનલ લાવવાના રહેશે તેમ સર્વે આયોજક વતી સુરેશભાઈ પરમારની યાદીમાં જણાવાયું છે.

આ કેમ્પનું ઉદ્ઘાટન મેયર ડો.પ્રદિપભાઈ ડવ કરશે. જયારે મુખ્ય મહેમાન તરીકે શહેર ભાજપના પ્રમુખ કમલેશભાઈ મિરાણી, ડેપ્યુટી મેયર કંચનબેન સિધ્ધપુરા, આરોગ્ય સમિતિના ચેરમેન ડો. રાજેશ્રીબેન ડોડીયા સાથે રાષ્ટ્રીય શાળાના મેનેજીંગ ટ્રસ્ટી જીતુભાઈ ભટ્ટ, લોહાણા સમાજના પ્રમુખ રાજુભાઈ પોબારૂ, પાર્શ્વનાથ કો. ઓપ. બેંકના ચેરમેન પિયુષભાઈ મહેતા, બિલ્ડર્સ એસો. ના પ્રમુખ પરેશભાઈ ગજેરા, રાષ્ટ્રીય ચામુંડા સેના ભારત, રાવણા રાજપૂત યુવા શકિત સંગઠનના પ્રદેશ અધ્યક્ષ ભંવરસિંહ દેવડા, શહેર ભાજપ મહામંત્રી જીતુભાઈ કોઠારી, નરેન્દ્રસિંહ ઠાકુર, કિશોરભાઈ રાઠોડ તેમજ કોર્પોરેટરો દેવાંગભાઈ માંકડ, નેહલભાઈ શુકલ, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા તેમજ અગ્રણીઓમાં પ્રતાપભાઈ વોરા, રમેશભાઈ દોમડીયા, અનીલભાઈ લીંબડ, રાજુભાઈ મુંધવા અને સામાજિક અગ્રણી વાલાજી જેસાજી ચૌહાણ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

આયુષ્યમાન ભારત કાર્ડ કેમ્પનું સમગ્ર આયોજન સર્જન ફાઉન્ડેશનના પ્રમુખ અને પ્રદેશ ભાજપ મીડિયા કમિટી મેમ્બર્સ સુરેશભાઈ પરમાર તેમજ રાવણા રાજપૂત સમાજના પ્રદેશ અગ્રણી કાનાભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ દેવેન્દ્રસિંહ રાણા, એન. ગોહેલ, નયનભાઈ પંચોલી, ગુણવંતભાઈ ભટ્ટ, રહીમભાઈ સાડેકી, કિશોરભાઈ ગઢવી, નંદલાલભાઈ જોષી, ખીલનભાઈ, સન્નીભાઈ, સુનીલભાઈ, કમલેશભાઈ, ચંદ્રેશભાઈ, જયભાઈ, ભાવેશભાઈ હાડા, પાર્થભાઈ ભટ્ટી પ્રિયાંકભાઈ, હિતેષભાઈ, દેવાંગભાઈ, શૈલેષભાઈ, પ્રતિકભાઈ, આનંદભાઈ મકવાણા સહિત અનેક કાર્યકર ભાઈ બહેનો જહેમત ઉઠાવી રહેલ છે. તેમ અંતમાં સુરેશભાઈ પરમારની પ્રેસ યાદીમાં જણાવાયુ છે.

દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

દર્દીઓએ પોતાનું ઓળખપત્ર તેમજ ડોકટરના સર્ટિફિકેટની ઝેરોક્ષ લાવવાની રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સરગમ કલબ અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧-૪ શનિવાર થી ૩-૪ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધાર કાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટિફિકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું છે કે, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. સાથોસાથ કેલીપર્સ અને ઘોડી વગેરે વિનામૂલ્યે આપવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા.૧-૪ શનિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે ખાસ સરગમ ભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ કેમ્પ ત્રણ દિવસ ચાલશે પણ દર્દીઓએ ખાસ તા.૧-૪ ના રોજ સવારે ૮:૩૦ કલાકે રૂબરૂ આવી જવું અને નામ નોંધાવી દેવું. આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને આ કેમ્પમાં કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણીનો સહયોગ મળેલ છે. તેમ જણાવ્યું છે.

રામ જન્મોત્સવની ઉજવણી, સામુહિક મહાઆરતીનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

જીવનનગર વિકાસ સમિતિ, રામેશ્વર મહાદેવ મંદિર સમિતિ, વોર્ડ નં.૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ મહિલા સત્સંગ મંડળ ઉપક્રમે રામનવમીની ભાવપૂર્વ ઉજવણી કરવામાં આવશે. રામ જન્મોત્સવ સાથે આખો દિવસ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

મંદિરના સહવ્યવસ્થાપક સુનિતાબેન વ્યાસ, વિનોદરાય જે. ભટ્ટની સંયુકત યાદીમાં જણાવાયું છે કે ગુરૂવાર તા.૩૦ મી માર્ચે રામનવમી ઉજવણી અંતર્ગત સવારથી આખો દિવસ ધાર્મિક ઉજવણી કરવામાં આવશે. પ્રભાતફેરી, ભગવાન રામના ગુણાનુવાદ, સુંદરકાંડ, સત્સંગ, દિપમાલા, મહાઆરતી સહિત આયોજન કરવામાં આવશે. બપોરે ૧૨ કલાકે રામ જન્મોત્સવની ઉજવણી સાથે સામુહિક મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

સામુહિક મહાઆરતીમાં વોર્ડ નં. ૧૦ ના નગર સેવકો, ડો. રાજેશ્રીબેન ડોડિયા, જયોત્સનાબેન ટીલાળા, નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, શહેર ભા.જ.પ. ના ઉપપ્રમુખ પરેશભાઈ હુંબલ, પૂર્વ નગરસેવક અશ્વિનભાઈ ભોરણીયા, નીતાબેન વઘાસીયા, વોર્ડ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી પરેશભાઈ તન્ના, હરેશભાઈ કાનાણી સહિત ભા.જ.પ. ના હોદ્દેદારો, પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

સમિતિના પ્રમુખ-એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે શહેરના નાગરિકો જેમણે આયુષ્યમાન કાર્ડ કઢાવવું હોય તેઓએ રૂબરૂમાં આધાર કાર્ડની ઝેરોક્ષ આપી નામની નોંધણી ગુરૂવારે કરાવી દેવાની રહેશે. બાદ કેમ્પની તારીખે બોલાવવામાં આવશે. સમિતિ કાર્ડ મેળવવા ઈચ્છુકોને આવકારી નોંધણી કરવાની છે.

રામનવમીની ઉજવણીની તૈયારી ઉપપ્રમુખ મુકેશભાઈ પોપટ, ડો.તેજસ ચોકણી, વિજયભાઈ જોબનપુત્રા, પંકજભાઈ મહેતા, અંકલેશ ગોહિલ, ગોવિંદભાઈ ગોહેલ, શૈલેષભાઈ પુજારા, વિનોદરાય ભટ્ટ, વિનુભાઈ ઉપાધ્યાય, પાર્થ ગોહેલ, કેતનભાઈ મકવાણા, દિલીપભાઈ ચૌહાણ, મહિલા મંડળના સુનિતાબેન વ્યાસ, અલ્કાબેન પંડયા, શોભનાબેન ભાણવડીયા, ભારતીબેન ગંગદેવ, જયોતિબેન પુજારા, હંસાબેન ચુડાસમા, યોગીતાબેન જોબનપુત્રા, આશાબેન મજેઠીયા, ભારતીબેન રાવલ, હર્ષાબેન પંડયા, સરોજબેન, અલ્પાબેન, આરતીબેન, વિજયાબેન, જયશ્રીબેન, દિમીબેન, વર્ષાબેન,

રાજકોટ જીવનનગરમાં રામનવમીની ભાવપૂર્વ ઉજવણી થશે

હિમાબેન, કૃપાબેન, ભદ્રાબેન, પ્રફુલ્લાબેન, ભાવનાબેન, દક્ષાબેન સહિત મહિલા મંડળના સદસ્યો કામગીરી સંભાળી રહ્યા છે.

અંતમાં સુનિતાબેન વ્યાસે મહાઆરતી, દિપમાલા, ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છુકોએ તા. ૨૯ મી માર્ચ સાંજ સુધીમાં નામ પૂજારી પ્રવિણભાઈ જોષીને નોંધાવવાના રહેશે. તેમ જણાવ્યું છે.

આરોગ્યક્ષેત્રે સહભાગી કાર્ય માટે એમઓયુ કરાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચ , રાજકોટ ડીસ્ટ્રીક નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વિથ એચ આઈ વી તથા લક્ષ્ય ટ્રસ્ટ રાજકોટના સયુંકત ઉપક્રમે એક મિટિંગનું આયોજન , RDNP +, જૂની કલેકટર ઓફીસ જંકશન, રાજકોટ ખાતે યોજાઈ હતી જેમાં ત્રણેય સંસ્થાના વડા અને કર્મચારી ગણ હાજર રહ્યા હતા. ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઓફ ઇન્ડિયા રાજકોટ બ્રાંચના પ્રેસીડન્ટ મહેશભાઈ મેહતા, RDNP + ના પ્રેસીડન્ટ જગદીશભાઈ ભાડજા તથા લક્ષ્ય ટ્રસ્ટ રાજકોટ ટી આઈ, પ્રોજેક્ટના મેનેજર હુસેનભાઈ ઘોણીયા એ એક બીજા સાથે સેવાઓમાં જોડાઈને કામ કરવા માટે બાહેંધરી આપેલ તથા તારુણ્ય શિક્ષણ, જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય, એચઆઈવી એઇડ્સ, સ્ત્રી સશકિતકરણ, એમએસએમની આરોગ્યલક્ષી સેવાઓ, રસીકરણ, કુટુંબ નિયોજન, એચઆઈવી ગ્રસ્ત લોકોની સેવાઓ તથા અન્ય વખતોવખત સામુદાયિક કક્ષાએ જરૂરિયાત મુજબની કામગીરીના વિષયોને આવરીને આ સંમતી કરેલ. આ મિટિંગમાં એફપીએઆઈ રાજકોટ બ્રાંચ મેનેજર મહેશભાઈ રાઠોડ, RDNP + ના પ્રોજેકટ કો ઓર્ડીનેટર પુજાબેન વાઘમોરે, કાઉન્સેલર ચેતનાબેન ગોહેલ તથા હેલ્થ પ્રમોટર મનોજભાઈ રામાવત વગેરે હાજર રહ્યા હતા.

રાજકોટ જીલ્લા ભાજપા દ્વારા બુથ સશકિતકરણના ઈન્ચાર્જ, સહ-ઈન્ચાર્જોની વરણી

બુથ સશકિતકરણના મુખ્ય ઈન્ચાર્જ જીલ્લાના મહામંત્રી મનસુખ રામાણી, રીનાબેન ભોજાણી, ડો.દીપક પીપળીયા, વિનોદ દક્ષિણીની વરણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ભારતભરમાં બુથ એકમને મજબુત કરવા ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી દ્વારા બુથ સશકિતકરણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. તે અંતર્ગત ગુજરાત પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ રાજકોટ જીલ્લાના તમામ તાલુકાના બુથ સશકિતકરણના કાર્યક્રમ યોજનાર છે. જે અંતર્ગત બુથ સશકિતકરણના રાજકોટ જીલ્લાના મુખ્ય ઈન્ચાર્જ જીલ્લા ભાજપ મહામંત્રી મનસુખભાઈ રામાણી, રીનાબેન ભોજાણી, ડો.દીપકભાઈ પીપળીયા, વિનોદ દક્ષિણીની વરણી જીલ્લા ભાજપા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા તથા મહામંત્રી નાગદાનભાઈ ચાવડા, મનીષભાઈ ચાંગેલાએ પ્રદેશ સંગઠન સાથે ચર્ચા વિચારણા કરીને નિમણૂક કરવામાં આવેલ છે.

બુથ સશકિતકરણ અભિયાનના મંડલના ઈન્ચાર્જ

મંડલનું નામ	ઈન્ચાર્જનું નામ	સંપર્ક નંબર
ઉપલેટા શહેર	કિશોરભાઈ શાહ	૯૮૨૫૫૭૩૮૯૯
ઉપલેટા તાલુકો	બાવનજીભાઈ મેતલિયા	૯૮૭૯૭૩૪૩૪૨
ભાયાવદર શહેર	નરશીભાઈ મૂંગલપરા	૯૮૨૫૨૬૬૪૩૫
ધોરાજી શહેર	દિનેશભાઈ અમૃતિયા	૯૮૨૫૨૨૮૫૪૮
ધોરાજી તાલુકો	સુભાષભાઈ બાંભરોલીયા	૯૮૭૯૦૬૯૩૪૮
જામકંડોરણા તાલુકો	ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા	૯૮૯૮૫૫૬૦૫૫
જેતપુર શહેર	હરસુખભાઈ ટોપિયા	૯૮૨૫૨૨૧૯૦૯
જેતપુર તાલુકો	ગોવિંદભાઈ રાણપરીયા	૯૮૨૫૨૧૮૦૭૬
ગોંડલ શહેર	રીનાબેન ભોજાણી	૯૯૭૮૭૧૧૧૨૧
ગોંડલ તાલુકો	અલ્પેશભાઈ ઢોલરીયા	૯૮૨૫૦૭૩૨૧૭
કોટડાસાંગાણી તાલુકો	નીતિનભાઈ ઢાકેચા	૯૯૭૮૯૧૧૧૦૧
લોધિકા તાલુકો	તળશીભાઈ તાલપરા	૯૮૨૫૦૭૭૬૪૧
રાજકોટ તાલુકો	નરોત્તમભાઈ પરમાર	૯૪૨૮૨૨૬૯૩૩
પડધરી તાલુકો	પ્રાગજીભાઈ કાકડિયા	૯૪૨૬૪૮૧૮૩૪
જસદણ શહેર	જીગ્નેશભાઈ હીરપરા	૯૭૨૩૮૪૪૮૯૦
જસદણ તાલુકો	અશોકભાઈ મહેતા	૯૮૨૪૪૨૫૨૫૬
વિંછીયા તાલુકો	ખોડાભાઈ ખસીયા	૯૨૬૫૪૩૧૦૩૧

રાજકોટ અને જેતપુર ખાતે 'હર ઘર ધ્યાન હર ઘર યોગ' કાર્યક્રમ યોજાયો

૧૫૦૦ થી વધુ યોગ પ્રેમીઓ કાર્યક્રમોમાં જોડાયા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

સ્વાસ્થ્ય મંત્રાલય ભારત સરકારના ઉપક્રમે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી સમગ્ર ભારત વર્ષમાં હર ઘર ધ્યાન હર ઘર યોગ કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત સરકારના રમતગમત અને સાંસ્કૃતિક વિભાગ હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ૨૬ માર્ચના સવારે ૬ થી ૮ વાગ્યા દરમિયાન રાજકોટ મહાનગર ખાતેનો કાર્યક્રમ ૧૫૦ ફૂટ રીંગરોડ ખાતે રાજકોટ તથા જિલ્લા કક્ષાનો કાર્યક્રમ જેતપુર પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો, જેમાં રાજકોટ ખાતે ૧,૦૦૦ થી વધુ અને જેતપુર ખાતે ૫૦૦થી વધુ યોગ સાધકો, યોગ શિક્ષકો, યોગકોચ, યોગ કો-ઓર્ડીનેટરો અને યોગ પ્રેમીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા અને યોગ સાધકોને પ્રોત્સાહન પૂરું પાડવા જિલ્લા રમતગમત અધિકારી વી.પી.જાડેજા, પટેલ સેવા સમાજના અગ્રણીઓ કિશોરભાઈ ઘોડાસરા, મનિષભાઈ ચાંગેલા, સંજયભાઈ કનેરીયા, જગદીશભાઈ પરસાણીયા, અનીલભાઈ ત્રિવેદી, મહાનગરપાલિકા યોગ કોચ કોઓર્ડીનેટર વંદનાબેન રાજાણી, યોગ કોચ ચિંતનભાઈ ત્રિવેદી, ડો.ધર્મિષ્ઠાબેન હિંગરાજીયા વગેરે આ કાર્યક્રમમાં જોડાયા હતા. જેતપુર ખાતે જિલ્લા કક્ષાના યોજાયેલ કાર્યક્રમમાં ડીવાય.એસ.પી. ડોડીયા, પોલીસ ઇન્સ્પેક્ટર અજીતસિંહ હેર અને યુવા વિકાસ અધિકારી રામાણી ઉપસ્થિત રહ્યા હતા.

જસદણના ત્રણ સ્વર્ગસ્થ સામાજીક કાર્યકરોની યાદમાં અનેક સેવાકીય કાર્યો કરાયા

(હુસામુદ્દીન કપાસી દ્વારા)

જસદણ, તા.૨૮

જસદણના ત્રણ સ્વર્ગસ્થ સામાજિક કાર્યકર વિપુલભાઈ વેલજીભાઈ હીરપરા, અંકુરભાઈ લક્ષ્મણભાઈ વઘાસીયા, પારસભાઈ રમેશભાઈ હીરપરાની યાદમાં તેમનાં પરિવારજનો સગા સ્નેહીઓ અને મિત્રોએ રક્તદાન, અને બટુક ભોજન સહિતના સેવાકિય કાર્યો કરીને એક ખરાં અર્થમાં જરૂરીયાતમંદો સુધી પહોંચ્યાં હતા. રાજકોટ શહેર અને જિલ્લાના થેલેસીમિયા પીડિતોની વ્હારે પહોંચવા માટે આ ત્રણેય સ્વર્ગસ્થોના સ્નેહીઓએ એક રક્તદાન કેમ્પ યોજેલ હતો. જેમાં ૧૧૩ રક્તદાતાઓએ પોતાનું રક્તદાન આપેલ હતું.

આ ઉપરાંત શહેરના પછાત વિસ્તારમાં આવેલ શાળાઓના વિદ્યાર્થીઓને નાસ્તો પણ આપી સ્વર્ગસ્થોની યાદ મનાવવામાં આવી હતી આ તકે ડો.ભરતભાઈ બોઘરા, અરજણભાઈ રામાણી, દિનેશભાઈ બાંભણીયા, વિજયભાઈ રાઠોડ, મનસુરભાઈ વરપારેખ, મહેન્દ્રભાઈ હીરપરા, કનુભાઈ રામાણી, ડો. રાજુ ભાઈ ભુવા, અલ્પેશભાઈ રૂપારેલિયા, ડો. કમલેશભાઈ હીરપરા, જીગ્નેશભાઈ હીરપરા, વલ્લભભાઈ હીરપરા, ધનજીભાઈ હીરપરા, ધીરુભાઈ હીરપરા (ભાડ) દીપભાઈ ગીડા, ડો. સી એલ બાવીસી, રાહુલભાઈ હીરપરા (વિશ્વાસ જવેલર્સ) જે ડી ઢોલરિયા ખાસ ઉપસ્થિત રહી કાર્યક્રમોને પ્રોત્સાહિત કર્યા હતા.

વેરાવળ માં રૂપારેલિયા પરિવારના દ્વારે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન

(ભરત ગંગદેવ દ્વારા)

ગીરગઢડા, તા.૨૮

વેરાવળ ખાતે સ્વ રસિકલાલ નરસિંહદાસ રૂપારેલિયા પરિવાર દ્વારા તા.૩૦ ના રામનવમીના રોજ લોહાણા વિદ્યાર્થી ભવન વેરાવળ ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાના વ્યાસથાને પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ કથાકાર અને લોહાણા મહાજન સારસ્વત ગુરૂ શાસ્ત્રી કેતનભાઈ આર પેરાણી (માળિયા વાળા) બિરાજી કથાનું સંગીતમય શૈલીમાં રસપાન કરાવશે. આ પ્રસંગે પતીતપવની ભાગવત ભગીરથી કથાનું રસપાન કરવા તેમજ પરમ કૃપાળુ પરમાત્માના સાનિધ્યનાં સુખની અનુભૂતિ કરવા સર્વેને ભાવભર્યું નિમંત્રણ રૂપારેલિયા પરિવાર દ્વારા છે.



પોથીયાત્રા તા.૩૦ ને ગુરૂવાર બપોરે ૩:૩૦ કલાકે શ્રી ગોવર્ધનનાથાજી હવેલી. શ્રીપાલ ચોક વેરાવળથી બેન્ટવાઝા સાથ શહેરના વિવિધ માર્ગો પરથી લોહાણા વિદ્યાર્થી ભવન ખાતે ૪. પહોંચે છે. તા.૩૧ ના સાંજે ૪ કલાકે શ્રીકપિલ જન્મ તા.૧-૪ ને શનિવારે સાંજે ૭ કલાકે શિવ વિવાહ. તેમજ રાત્રી નાં ૯.૩૦ કલાકે સુંદરકાંડ પાઠનું આયોજન તેમના સ્વર છે. જસ્મીનભાઈ દવે પ્રભાસ પાટણ વાળા. તા.૨/૪.રવિવારે સાંજે ૭. કલાકે શ્રી નુસિંહ પ્રાગટ્ય તેમજ સાંજે ૯:૩૦ કલાકે. પુષ્ટિ ભક્તિ માર્ગીય સત્સંગ સાથે શ્રીનાથજી નાં અસ્ટભાવ દર્શનની ઝાંખી જૂનાગઢના નામી સ્વર રાજુભાઈ ભટ્ટ,નીરુ દવે. અને સાથી કલાકારો.તા.૩-૪ સોમવારે સાંજે ૪ કલાકે શ્રીવામન જન્મ તેમજ સાંજે ૫ કલાકે શ્રીરામ જન્મ તેમજ સાંજે ૬:૩૦ કલાકે નંદ મહોત્સવ ધામધૂમથી ઉજવાશે. તા.૪-૪ ના રોજ સાંજે ૬:૩૦ કલાકે ગિરિરાજ ઉત્સવ. તેમજ રાત્રે ૯:૩૦ કલાકે રાસોત્સવ. તા.૫.બુધવારે સાંજે ૭ કલાકે શ્રીરૂક્ષ્મણી વિવાહ તા.૬/૪ ગુરૂવારે સવારે ૧૧ કલાકે શ્રીસુદામા ચરિત્ર તેમજ બપોરે ૧ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગનાં પ્રરણ સ્વરૂપ દિવ્ય મુમુક્ષ અતપજનો સ્વ. વર્જકુવરબેન નરસિંહદાસ રૂપારેલિયા, સ્વ નરસિંહદાસ વલ્લભજી રૂપારેલિયા, સ્વ.રસિકલાલ નરસિંહદાસ રૂપારેલિયા વતી નિમંત્રણ મુકેશકુમાર રસિકલાલ રૂપારેલિયા, રેખાબેન મુકેશકુમાર રૂપારેલિયા તેમજ રૂપારેલિયા પરિવાર દ્વારા પાઠવાયું છે.

આશા છે, રાજકોટમાં નવો ડેમ બને...

રાજકોટ જેવા ચારેય દિશામાં પ્રસરતા મહાનગર માટે પીવાના પાણીનું આગોતરૂ આયોજન જરૂરીઃ માત્ર આજી, ન્યારી ડેમ પર ક્યાં સુધી નિર્ભર રહેશોઃ એક નવો મેગા ડેમ બનાવવો જ રહ્યો

રાજકોટ મહાનગરનો અત્યારનો ભૌગોલિક ક્ષેત્રફળ વિસ્તાર ૧૬૧.૮૬ ચો.કિમી જેટલો છે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૨૮

૧૯૭૩ ની સાલમાં રાજકોટને મહાનગરનો દરજ્જો પ્રાપ્ત થયો વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ ચારેતરફથી વિસ્તરતા જતા રાજકોટ મહાનગરની જનતા માટે સૌથી મહત્વનો પ્રશ્ન પીવાના પાણીની સમસ્યા અંગેનો ચર્ચાતો રહ્યો છે. રાજકોટ શહેર જેનું ક્ષેત્રફળ ૫૦ થી ૬૦ ચો.કિમીની અંદર આવી જતું હતું એ રાજકોટનું ભૌગોલિક ક્ષેત્રફળ જ હવે ૧૬૧ ચો.કિમી જેટલું થઇ ગયું છે. એટલે એવું કહી શકાય કે, બીજા કેટલાય નાના- નાના તાલુકા શહેર અને નાના શહેરો પણ સામેલ થઇ જાય એટલો રાજકોટનો ચો.તરફથી વિશાળ વિસ્તાર થઇ ગયો છે. ત્યારે શહેરના આયોજકોએ પાણીના પ્રશ્નનું આગોતરૂ આયોજન કરવાનું એકદમ જરૂરી બની ગયું છે. એવું શહેરના અભ્યાસુ એવા અગ્રણી વયસ્ક નાગરિકો અને નિષ્ણાંતોનું માનવું છે.

આવનારા ૨૫ વર્ષની રાજકોટ મહાનગરની પાણીની જરૂરિયાત કેટલી હશે, કેટલી વસ્તી થઇ હશે અને ભૌગોલિક કેટલો વિસ્તાર થયો હશે એ તમામ મુદ્દાઓની વિચારણા આજની ઘડીથી જ શરૂ કરી દેવામાં આવે તો જ રાજકોટ મહાનગરને ભવિષ્યના જળસંકટમાંથી ઉગારી શકાશે. એ માટે શું કરી શકાય તેની વિચારણા માટે રાજકોટના નગર નીયોજકોએ સ્થાનિક નિષ્ણાંતો અને રાજ્ય સરકારની મદદ લઈને વિચારણાની પ્રક્રિયા આરંભી દેવાનો સમય હવે પાકી ગયો છે. રાજકોટમાં નવા નવા વિસ્તારો ભળી રહ્યા છે. જુનું રાજકોટ એકલતો લાગે એવી રીતે નવું રાજકોટ વિસ્તાર પામીને વસ્તીથી ઉભરાઈ રહ્યું છે અને મહાનગરમાંથી મેગા નગર બનવાની તૈયારીમાં છે. ત્યારે જો રાજકોટના એકેએક વિસ્તારો અને નવા- નવા ઉમેરાતા જતા છેવાડાના વિસ્તારો સુધી માનવીની દૈનિક મહત્વની જરૂરિયાત સમાન પીવાનું પાણી પહોંચાડવાનું નક્કર આયોજન ન થાય તો બહુ મોટા જળસંકટનો સામનો કરવાનું આવી શકે છે.

આવનારા ૨૫ વર્ષ પછીની રાજકોટની વસ્તી અને વિસ્તારને ધ્યાનમાં રાખીને વર્તમાન જળાશયોની સંગ્રહ ક્ષમતામાં વધારો કરવા માત્રથી સમસ્યાનો કાયમી હલ મેળવી શકાય તેમ નથી. આપણી પાસે પાણીના મુખ્ય સ્ત્રોત સમાન આજી, ન્યારી- ૧, ૨ ડેમ તથા લાલપરી જેવા જળાશય છે. તેની સંગ્રહક્ષમતા વધારવામાં આવે તો પણ આવનારા ૨૫ વર્ષ પછીના રાજકોટને પણ પાણી આપવા માટે માત્ર આટલા જળાશયો પૂરતા થઇ પડે એવું લાગતું નથી. તો શું કરવું એ સવાલનો જવાબ શોધવા માટે અત્યારથી જ કવાયત કરવી પડશે.

રાજકોટના અભ્યાસુ એવા કેટલાક અગ્રણી નાગરિકો અને એક અભ્યાસુ ધારાસભ્યો એવું કહે છે કે, રાજકોટની વધતી જતી વસ્તી અને વિસ્તાર વધતા જવાની પ્રક્રિયા અહીં અટકવાની નથી. એટલે ૨૫ વર્ષ પછીનું રાજકોટ કેવું હોય એ ધ્યાનમાં રાખીને એક નવો ડેમ બનાવવાનું જ વિચારવામાં આવે એ હિતાવહ રહેશે. કેટલાક નિષ્ણાંતોએ નવા ડેમ માટે સ્ત્રાવ ક્ષેત્રને ધ્યાનમાં રાખીને બેડી જેવા ૩ વિસ્તારો સૂચવ્યા જ છે. એ દિશામાં વિચારણા શરૂ કરી નવા ડેમની બ્લુપ્રિન્ટ તૈયાર કરવામાં આવે તો થોડા સમયમાં જ વૈજ્ઞાનિક આયોજન અને રાજ્ય સરકારના સહયોગથી નવા ડેમનું નિર્માણ થઇ શકે છે. આ ૩ વિસ્તારો એવા છે જેથી આ ડેમ બને તો મહાનગરમાં ભળી ગયેલા અને ભવિષ્યમાં સામીલ થઇ શકતા નવા વિસ્તારોને પાઈપલાઈનથી પાણી પહોંચાડવાનું શક્ય બની શકે છે. કોઈપણ મહાનગરનું ભવિષ્ય માત્ર વર્તમાન પ્રોજેક્ટ અમલમાં મુકવા પર નિર્ભર હોતું નથી. પણ ભાવિ આયોજન તેના એકધારા વિકાસ અને સાધન- સરંજામની ઉપલબ્ધી માટેની પૂર્વ શરત હોય છે. રાજકોટ મહાનગર એ સૌરાષ્ટ્રના આર્થિક વિકાસની કરોડરજ્જુ છે. છેલ્લા ૨૦ વર્ષમાં જે ઝડપે અને જે ઢબે રાજકોટનો વિકાસ થયો છે તેમાં આપણે ગૌરવ લઈએ એ સારી વાત છે. પણ સાથે- સાથે પીવાના પાણીની પુરતી ઉપલબ્ધી અને અન્ય નાગરિક સુવિધાઓ અંગેના જે પ્રશ્નો સામે આવતા રહ્યા છે તેના પર વૈચારિક અગ્રતા આવશ્યક જ નહીં અત્યંત જરૂરી છે. નહિતર રાજકોટની આસપાસના અને મહાનગરમાં સામેલ થયેલા વિસ્તારોમાં દરવર્ષે પાણી માટેના બેડા યુધ્ધના દર્શન જોવા મળશે. આ પરિસ્થિતિ નિવારવા માટે પીવાના પાણીના સ્ત્રોત અને ક્ષમતા વધારવાના કામને જ ટોચની અગ્રતા આપવી રહી. એવું નિષ્ણાંતો નગર નીયોજકોને સુચવી રહ્યા છે.

એક નાનકડા નગર અને તાલુકા મથક જેવા નાનકડા શહેરમાંથી મહાનગર બનવાની રાજકોટની પ્રક્રિયા તેના જેવા અન્ય શહેરોના પ્રમાણમાં અત્યંત વેગીલી અને વિક્રમ સર્જક રહી છે. એ આપણે કબુલ કરવું રહ્યું. એટલે જ રાજકોટને સૌરાષ્ટ્રનું પાટનગર કહેવામાં આવે છે. રાજકોટનો ઔદ્યોગિક અને વ્યાપારી વિકાસ અસાધારણ રીતે ઝડપી રહ્યો છે. સૌરાષ્ટ્રના અન્યો જિલ્લાઓમાંથી લોકો અહીં આવીને વસી ગયા છે. અહીં ધંધા- રોજગાર અને ઉદ્યોગો સ્થાપી દીધા છે. વિસ્તારની સાથે- સાથે વસ્તી પણ વધે એ સ્વાભાવિક છે. એટલે દોઢ લાખમાંથી અંદાજે ૨૦ લાખ સુધીની વસ્તીનો વિસ્ફોટ એ નાની સુની ઘટના નથી. આટલા ઝડપી વિસ્તાર અને વસ્તીના વધારાથી પાયાની માળખાકીય સુવિધાઓ પર દબાણ સર્જાય એ સ્વાભાવિક છે. પાયાની મૂળભૂત સુવિધા એટલે માનવીનું અમૃત પાણી છે. એટલે અત્યારે પણ દરવર્ષે ઉનાળામાં શહેરના છેવાડાના વિસ્તારોમાં પાણીના પોકારો થતા સંભળાઈ છે. જે આપણને ભવિષ્ય માટેની લાલબત્તી પણ ધરે છે.

રાજકોટના કદનો અંદાજો લેવા માટે તેના ક્રમિક વિકાસની થોડી વિગતો પર પ્રકાશ ફેંકીએ તો વાંચકને પણ અંદાજો આવી શકે છે.

રાજકોટનું વહીવટી રૂપાંતરઃ તા.૧૯/૧૧/૧૯૭૩ ના રોજ રાજકોટ નગરપાલિકાની મહાનગરપાલિકામાં રૂપાંતર થયું હતું. રાજકોટને મહાપાલિકાનો દરજ્જો મળ્યો હતો. એ સમયે રાજકોટનું ક્ષેત્રફળ ૬૯ કિમી જેટલું હતું. ૧૯૯૫ માં પુનઃ વોર્ડ રચના થઈ હતી. ત્યારે ૨૦ વોર્ડ બનાવવામાં આવ્યા હતા. દરેક વોર્ડ દીઠ ૩- ૩ કોર્પોરેટરોની સંખ્યા નિયત થઇ હતી. એ પછી જૂન- ૧૯૯૮ માં રાજ્ય સરકારે રાજકોટની ભાગોળે આવેલા અને રૈયા નગરપાલિકા, નાનામવા નગર પંચાયત અને મોવડી નગર પંચાયતના વિસ્તારોને પણ રાજકોટ મહાનગરપાલિકાના વિસ્તારમાં સમાવેશ કર્યા હતા. ત્યારે રાજકોટનું ક્ષેત્રફળ વધીને ૧૦૪.૮૬ ચો.કિમી જેટલું થયું હતું. સાથે- સાથે ૧૯૯૯ માં નવા ૩ વોર્ડ રાજકોટમાં ઉમેરાયા હતા અને મહાનગરપાલિકાની કુલ બેઠકો ૬૯ થઇ હતી.

ફરીથી જાન્યુઆરી ૨૦૧૫ માં રાજકોટનું હદ વિસ્તરણ થયું હતું. કોઠારિયા ગ્રામ પંચાયત, વાવડી ગ્રામ પંચાયતના વિસ્તારો પણ રાજકોટની હદમાં સામેલ કરવામાં આવ્યા હતા અને શહેરનું ક્ષેત્રફળ વધીને ૧૨૯.૨૧ ચો.કિમી થયું હતું. વોર્ડની સંખ્યા ૧૮ થઇ હતી અને વોર્ડ દીઠ ૪-૪ કોર્પોરેટરની સંખ્યા નિશ્ચિત થતા કુલ ૭૨ બેઠકો થઇ હતી.

ગત જૂન- ૨૦૨૦ માં મોટામૌવા, મુંજકા, ઘંટેશ્વર અને માધાપરના વિસ્તારો પણ મહાપાલિકાની હદમાં ભેળવી દેવામાં આવ્યા હતા. આ રીતે આજની તારીખ સુધીમાં રાજકોટ મહાનગરપાલિકાનું કુલ ક્ષેત્રફળ ૧૬૧.૮૬ ચો.કિમી થઇ ગયું છે. આના પરથી રાજકોટ શહેરના ઝડપી વિકાસ અને ભૌગોલિક વિસ્તાર તેમજ વસ્તી વધારાનો ખ્યાલ આવી જાય છે. વહીવટી રીતે રાજકોટના ૧૮ વોર્ડ છે અને કુલ ૭૨ કોર્પોરેટરોની સંખ્યા છે. વસ્તી ગણતરીઃ છેલ્લે ૨૦૧૧ માં થયેલી સત્તાવાર વસ્તી ગણતરી મુજબ રાજકોટની વસ્તી ૧૩ લાખ ૪૬ હજાર ૧૯૨ જેટલી નોંધાઈ હતી. વસ્તીનો આ આંકડો દાયકા પહેલાનો છે. રાજકોટની જે વિસ્તરવાની પ્રકૃતિ છે એ જોતા ૧૦ વર્ષમાં અનેક નવા વિસ્તારો સામેલ થયા હોવાથી વસ્તી પણ વધી ગઈ હોય એ સ્વાભાવિક છે. એટલે નિષ્ણાંતો એવો અંદાજ બાંધે છે કે, રાજકોટની વસ્તીનો આંકડો ૧૫ થી ૨૦ લાખ પાર કરી ગયો હોય એ શક્ય છે.

આટલી વસ્તીને પીવાનું પાણી નિયમિત રીતે પહોંચાડવું એ ચોક્કસપણે ભગીરથ પ્રક્રિયા ગણાય. પરંતુ અત્યારથી આગામી અઢી દાયકાનું આયોજન વિચારવામાં આવે અને નક્કર દિશામાં જરૂરી પ્રોજેક્ટ સાથે આગળ વધવામાં આવે તો વધતા જતા શહેરની પીવાના પાણીની જરૂરિયાતને પૂરી પાડી શકાય તેમ છે. રાજકોટ મહાનગરમાં સામેલ થતા નવા વિસ્તારોમાં ઘણા વિસ્તારો એવા છે જ્યાં હજુ પીવાના પાણીની પાઈપલાઈન નાખી શકાઈ નથી. નવા વિસ્તારોમાં દરવર્ષે ઉનાળાના પ્રારંભે જ પીવાના પાણી માટેની બુમરાણ લોકોમાં શરૂ થઇ જતી હોય છે. ટેન્કરોથી પાણી આપવું પડે છે છતાં એ પુરતું થઇ પડતું નથી. નવા વિસ્તારોના રહેવાસી બહેનોના ટોળેટોળા મનપા કચેરીમાં ઉમટી પડે છે એ દ્રશ્યો ઉનાળામાં સામાન્ય બન્યા છે. ટેન્કરો મહાનગરપાલિકા મોકલે તો પણ ઓછું પાણી મળતું હોવાની સમસ્યા યથાવત રહે છે. અત્યારથી આ પરિસ્થિતિ છે. વારંવાર આપણા શહેરના ડેમો માટે નર્મદાનું પાણી મંગાવવું પડતું હોય છે. પરંતુ દર વખતે નર્મદાના પાણી પર જ આધાર રાખવો એ ચાલી ન શકે કેમકે જેમ જેમ વસ્તી વધતી જશે તેમ- તેમ રાજકોટ શહેરની પાણીની જરૂરિયાતમાં પણ વધતી જશે.

એ દ્રષ્ટિએ જોઈએ તો અત્યારે આપણી પાસે પાણીના સ્ત્રોત જેટલા છે. એ ભવિષ્યની જરૂરિયાત પણ પૂરી પાડી શકે કે કેમ એ ચર્ચાનો વિષય છે. આજી, ન્યારી-૧,૨ ડેમો થકી અત્યારની શહેરની પાણીની જરૂરિયાત પણ પૂરી થઇ શકતી નથી. એટલે શહેર માટે પાણીનો મોટો નવો સ્ત્રોત પૂરો કરવાનો પ્રશ્ન અગ્રતા મુજબ ચર્ચાવો જોઈએ. રાજકોટમાં નવો ડેમ શું કામ ઉભો ન થઇ શકે. રાજકોટમાં કેટલાક અભ્યાસુ અને જાણકાર લોકો અને એક પીઢ ધારા-સભ્ય મહાનગરપાલિકાને વારંવાર સૂચવતા રહ્યા છે કે, રાજકોટમાં વહેલાસર એક નવા ડેમનું નિર્માણ કરવાનું આયોજન અત્યારથી કરવું પડશે. નહીંતર આવનારા દાયકાઓમાં પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવાનું અશક્ય બની જશે. દરેક વખતે નર્મદાના પાણી પર આધાર રાખવો એ તાર્કિક રીતે પણ યોગ્ય નથી. જો વરસાદ ઓછો થાય અને નર્મદાનું જળસ્તર પણ ઘટે તો કેટલીક ગંભીર સમસ્યા ઉભી થઇ શકે તેની કલ્પના પણ આપણને ડરાવી મુકે છે. જરૂર પડે ત્યારે ઉનાળામાં નર્મદાનું પાણી મંગાવવું જ પડશે. છતાં મહાનગરના છેવાડાના અને નવા સામેલ થયેલા વિસ્તારોમાં પુરતું પાણી પહોંચાડી શકાતું નથી. પરિસ્થિતિ આવીને આવી રહે અને કોઈ ભાવિ આયોજન ન થાય તો રાજકોટ મહાનગર માટે અકલ્પનીય જળસંકટ સર્જાઈ શકે છે.

રાજકોટની ભાગોળે આપણે અટલ સરોવર બનાવ્યું છે. લાલપરી તળાવ પણ છે. પણ એવા નાના કદના સરોવરોથી જળસંગ્રહની ક્ષમતા વધી શકે તેમ નથી. આ માટે બે મોરચે આયોજન કરવું ઇચ્છનીય રહેશે. એક તો વર્તમાન જળાશયોનો કાંપ નિયમિત કાઢીને તેમાં ચોમાસામાં વધુ પાણીનો સંગ્રહ થાય એ માટે કામ કાઢવાની પ્રક્રિયા દરવર્ષે ફરજીયાત થવી જોઈએ. બીજો સૌથી મોટો વિકલ્પ નવા ડેમનું નિર્માણ કરવાનો છે. આ માટે બેડી સહિતના ત્રણેક વિસ્તારો નિષ્ણાંતો સૂચવે છે. જ્યાં ડેમના નિર્માણના કાર્યની બ્લુપ્રિન્ટ પર તાકીદના ધોરણે વિચારણા અત્યારથી શરૂ થાય તો રાજકોટને ભવિષ્યના જળસંકટમાંથી ઉગારી શકાશે. આ માટે રાજ્ય સરકારના સહયોગથી અને સરકારની મદદથી મહાનગરપાલિકાના સંચાલકોએ એક ખાસ નિષ્ણાંત સમિતિનું ગઠન કરવું જોઈએ. જેમાં ડેમના નિર્માણ અને જળસંગ્રહના વિષય પર માહેર નિષ્ણાંતોને પણ સામેલ કરવા જોઈએ. જેથી કરીને રાજકોટની આવનારા ૨૫ વર્ષની પીવાના પાણીની જરૂરિયાતનો નક્કર અંદાજ મેળવીને નવા જળસ્ત્રોત માટેનો નક્કર અને ફૂલપ્રૂફ આયોજન કરી શકાય.(ર.૧૨)

શહેરમાં નવો ડેમ બનાવવાનો જરૂરી છે અને ક્યાં બનાવવો એ અંગેના અભિપ્રાયો મોકલી શકો છો

રાજકોટઃ રાજકોટ શહેર માટે પીવાના પાણીનું આગોતરૂ આયોજન કરવાની અતિઆવશ્યક બની ગયું છે. ઘણા શહેરીજનો અને અભ્યાસુ નિષ્ણાંતો એવું સૂચન કરી રહ્યા છે કે, રાજકોટ માટે આગામી ૨૫ વર્ષ પછીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રાજકોટની જળસંગ્રહ શક્તિ વધારવા માટે અત્યારથી નક્કર આયોજન કરવાનું હિતાવહ રહેશે. એ માટે નવો ડેમ બનાવવાનું સૂચન વિવિધ વર્ગોમાંથી થઇ રહ્યું છે. ત્યારે રાજકોટના સુજ્ઞ અને સમજદાર નાગરિકો શું વિચારે છે એ જાણવાનું આવશ્યક રહેશે. રાજકોટની ભવિષ્યની પાણીની જરૂરિયાત પૂરી કરવા શું થઈ શકે એ માટે રાજકોટના નાગરિકો એમના મંતવ્ય સૌરાષ્ટ્ર ક્રાંતી સાંધ્ય દૈનિકને મોકલે એ માટે અમારું આગ્રહભર્યું નિમંત્રણ છે. આપના મંતવ્ય અને સૂચનો અમારા મોબાઈલ નંબર. ૯૫૧૨૫ ૨૮૦૦૫ અને ઈમેઇ saurashtrakranti@gmail.com પર મોકલી શકો છો. આપના સૂચનો અમને આવકાર્ય રહેશે.(ર.૧૨)

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કુલ ૪૩ દરખાસ્તો મુકાશે

પોપટપરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૧૦૧૦ આવાસોની યોજના

ડો.દસ્તુર માર્ગથી હેમુગઢવી હોલ અને એસ્ટ્રોન રેલ્વે નાલાની વચ્ચે નવું નાલુ બનાવવાની દરખાસ્તઃ ૩૦ ચો.મીટર થી માંડી ૬૦ ચો.મીટરના આવાસો બનાવવા રૂ.૧૭૨૮૮.૫૦ લાખની યોજનાને મંજૂરી માટે મુકાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક આવતીકાલ તા.૨૯ ને બુધવારે મહાનગરપાલિકા સ્ટેન્ડિંગ કમિટીના કોન્ફરન્સ રૂમમાં યોજાઈ રહી છે. રાજકોટ શહેરની પ્રધાનમંત્રી આવાસ યોજનાના નવા મકાનો નિર્માણ સહિતની ૪૩ જેટલી નવી વિકાસ દરખાસ્તો સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી માટે મુકવામાં આવી છે. આ દરખાસ્તોમાં સૌથી મહત્વની દરખાસ્તરૂપે પોપટપરા વિસ્તારમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત કુલ રૂ.૧૭૨૮૮.૫૦ લાખના ખર્ચે ૧૦૧૦ આવાસોનું આયોજન કરવાની દરખાસ્ત મહત્વની છે. જેને આવતીકાલે સ્ટેન્ડિંગની મંજૂરી માટે મુકવામાં આવી છે. અન્ય દરખાસ્તોમાં ડો.હોમી દસ્તુર માર્ગથી આગળ ન્યુ રેલવે નાલુ બનાવવાની દરખાસ્ત અને વોર્ડ નં.૩ માં ૪૭ દુકાનો બનાવવાની દરખાસ્તનો સમાવેશ થાય છે.

રાજકોટ મનપા દ્વારા શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાના નિરાકરણ માટે વિવિધ ફ્લાયઓવર બ્રિજ અને અન્ડર પાસ વગેરે બનાવવામાં આવી રહ્યા છે. નાના વાહનો અને ફોર વ્હીલર માટે વધારાની કનેક્ટિવિટી મળી રહે એ માટે ડો.હોમી દસ્તુર માર્ગથી આગળ હેમુગઢવી હોલ અને એસ્ટ્રોન રેલવે નાલાની વચ્ચે એવીપીટીઆઈની કમ્પાઉન્ડ વોલના છેડે ડીપોઝીટ વર્ક તરીકે નવું રેલવે નાલુ બનાવવાની દરખાસ્ત મુકવામાં આવી છે. મહાનગરપાલિકા દ્વારા ડીપોઝીટ વર્ક તરીકે રેલવે વિભાગને એક નાલુ વાહન વ્યવહાર માટે બનાવવા જાણવામાં આવ્યું છે. આ કામગીરી માટે પ્રાથમિક અભ્યાસ બાદ અને મનપા તથા રેલવે વચ્ચે બેઠક બાદ બે નાલા બનાવવાનો નિર્ણય થયો છે. જેથી હયાત રોડ લેવલથી ૦.૫ મી જેટલા જ નીચે રોડ લેવલ મળી રહે અને ગ્રેવિટીથી પાણીનો નિકાલ કરી શકાય.

આ કામગીરી માટે રેલવે વિભાગ દ્વારા રૂ.૨ કરોડ ૭૯ લાખ ૨૪ હજાર ૪૮૩ મનપાને ડીપોઝીટ વર્ક તરીકે જમા કરવા માટે જણાવવામાં આવ્યું છે. આથી રેલવે વિભાગને આ રકમ આપવા સ્ટેન્ડિંગ પાસે અનુમતી માંગવામાં આવી છે.

મવડીના રેવન્યુ સર્વે નંબર ૩૭ પૈકીના પ્લોટ નં.૪,૫૩ તથા ૫૪ ની જમીનની સામે આખરી નગર રચના યોજના નંબર ૨૮ ના વાણીજ્ય હેતુના અનામત પ્લોટ નંબર-૩૮ એ માં વૈકલ્પિક જમીન ફાળવવા દરખાસ્ત મુકવામાં આવી છે. મવડીમાં આવેલી સોસાયટીઓને ૧૫૦ ફૂટ રીંગરોડથી સીધા પ્રવેશ માટે હયાત રોડ જે ઓછી પહોળાઈનો હોવાથી ૧૮ મીટર પહોળાઈ કરવા લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ લાઈન દોરી નક્કી કરવાનું અને લાઈનદોરીમાં આવતી જમીન સંપાદન કરવાનું અગાઉ સ્ટેન્ડિંગના ઠરાવથી મંજૂર કરાયું હતું. મનપાએ દૈનિક અખબારોમાં જાહેરાત આપી હતી. જેની મુદ્દત પૂરી થતા રોડ માટે કપાતમાં આવતા પ્લોટ નંબર-૪, ૫૩ તથા ૫૪ ના કબજેદાર- જમીન માલિકોને નોટીસ અપાઈ હતી. જમીન માલિકોએ રૂબરૂ સાંભળવા વિનંતી કરી હતી. રોડ બનવાથી કપાત થતી હોવાથી વળતરરૂપે મવડીના અનામત પ્લોટમાં જમીન ફાળવવા મૌખિક- લેખિત રજૂઆત કરાઈ હતી. આ પ્લોટની જમીન કબજેદાર જમીન માલિકોને ફાળવવાની થાય છે. કપાત થતી જમીનનો ખુલ્લો કબ્જો જમીન માલિકોએ મનપાને આપી દીધો છે.

વૈકલ્પિક રૂપે જમીન ફાળવવા કેટલીક શરતો નક્કી થઇ છે. વૈકલ્પિક જમીન ૯૯ વર્ષના લીઝ પર આપવામાં આવશે. જેની લીઝનું ભાડું રૂ.૧ પ્રતિ ચો.મી લેખે દરવર્ષ

જાન્યુઆરીની ૭ તારીખ સુધીમાં એડવાન્સ જમા કરાવવાનું રહેશે. આ જમીન ટ્રાન્સફર કરતી વખતે કોર્પોરેશનની અગાઉથી મંજૂરી લેવાની રહેશે. જે તે સમયની બજાર કિંમતના ૧૦ ટકા લેખે ટ્રાન્સફર ફી મહાનગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. લીઝ ડીડનો તમામ ખર્ચ જમીન મેળવનાર આસામીએ ભોગવવાનો રહેશે. ભાડા ઉપરાંત સરકારી અને મનપા

(અનુ.પાના નં.૪ ઉપર)

આધાર કાર્ડ અને પાનકાર્ડ લિંક કરવાનો સમય વધારાયો

૩૦ જૂન સુધી આધારકાર્ડ લિંક થઈ શકશેઃ લોકોની રજૂઆત બાદ કેન્દ્ર સરકારનો નિર્ણય

(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૮

હાલમાં કેન્દ્ર સરકાર તરફથી મોટું અપડેટ સામે આવ્યું છે. જેમાં આધાર કાર્ડ અને પાન કાર્ડને લિંક કરવાની તારીખમાં ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આધાર અને પાનકાર્ડને ૩૦ જૂન સુધીમાં લિંક કરવાનું રહેશે. પહેલા આ તારીખ ૩૧ માર્ચ ૨૦૨૩ રાખવામાં આવી હતી. એટલે કે સરકારે આ મુદતમાં ૩ મહિનાનો વધારો આપ્યો છે. મળતી માહિતી અનુસાર અત્યાર સુધી ૫૧ લાખ લોકોના પાન આધાર કાર્ડ લિંક થયા હોવાનું જાણવા મળ્યું છે. સરકારે કહ્યું છે કે જો નક્કી કરાયેલી તારીખ સુધીમાં તમારું પાન કાર્ડ અને આધાર કાર્ડ લિંક નહીં હોય તો તમારે મોટો દંડ ભરવો પડશે. જો તમારું પાનકાર્ડ નિષ્ક્રિય થઈ જશે તો તેને ફરીથી સક્રિય કરવા માટે, તમારે ૧૦,૦૦૦ રૂપિયાની પેનલ્ટી ચૂકવવી પડશે. તે જ સમયે, આ કામ કરવા માટે માત્ર ૧,૦૦૦ રૂપિયાનો દંડ ચૂકવવો પડશે.

પાનકાર્ડ આજના સમયમાં સૌથી મહત્વનું ડોક્યુમેન્ટ બની ગયું છે. આવી સ્થિતિમાં જો પાન કાર્ડ નિષ્ક્રિય થઈ જાય તો તમારે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. સૌથી મોટું નુકસાન એ થશે કે તમે તમારું આવકવેરા રિટર્ન ફાઈલ કરી શકશો નહીં. આ સાથે તમે શેર બજાર અને મ્યુચ્યુઅલ ફંડ જેવી યોજનાઓમાં રોકાણ કરી શકશો નહીં. પાન કાર્ડને નિષ્ક્રિય થવાથી બચાવવા માટે તમારા કાર્ડને તરત જ લિંક કરો. જો તમે બંને દસ્તાવેજો લિંક થયેલ છે કે નહીં તે તપાસવા માંગો છો, તો તમે ઓનલાઈન સ્ટેપ્સથી પણ તેને ચકાસી શકો છો.

રામનવમીના દિવસે બાળકો-સિનિયર સિટીઝનને રામવનમાં નિઃશુલ્ક પ્રવેશ

૧૨ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકો અને વયસ્કો માટે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કર પટેલની જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૮

ભગવાન શ્રી રામના આદર્શોથી આજની યુવા પેઢી તેમજ બાળકો અવગત થાય અને પોતાના જીવનમાં અમલમાં મૂકે, તે ઉમદા હેતુસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ પાસે રામવન - ધ અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવેલ છે. તેમાં આગામી તા. ૩૦ એપ્રિલના રોજ રામનવમીના દિવસે ૧૨ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકો તથા સિનિયર સિટીઝનો માટે રામવનમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવશે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઈ પટેલ જણાવે છે કે, રામવન-ધ અર્બન ફોરેસ્ટ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજીડેમ નજીક ૪૭ એકર જમીનમાં અંદાજિત રૂ.૧૩.૭૭ કરોડના ખર્ચે મર્યાદાપુરૂષોત્તમ ભગવાન શ્રી રામચંદ્રજીના જીવનચરિત્ર, મૂલ્યો અને આદર્શો દર્શાવતું સમગ્ર ભારતભરનું પ્રથમ ઐતિહાસિક અર્બન ફોરેસ્ટ બનાવવામાં આવેલ છે.

રામવનના નિર્માણ અંગેનો મુખ્ય હેતુ ભારતનો સાંસ્કૃતિક પ્રાકૃતિક વારસો જાળવી રાખવાનો છે, તેમજ અત્યારના સમયમાં સિમેન્ટ કોંક્રિટના જંગલો વધી રહ્યા છે ત્યારે પ્રકૃતિના સમતોલન માટે મોટા પાયે વૃક્ષારોપણ ખૂબ જ જરૂરી છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અર્બન ફોરેસ્ટ ખાતે શ્રીરામના જીવન સાથેની થીમ જોડાતા આ જગ્યા લોકો માટે પૌરાણિક કાળનાં જીવંત અનુભવ જેવી બનાવી

શકાય એવો ઉદ્દેશ્ય છે. જેનો મુખ્ય દરવાજો ધનુષબાણ આકારનો છે અને ભગવાનશ્રી રામના જીવનકવનને જીવંત કરવાનો પ્રયત્ન કરાયો છે. આ ઉપરાંત રામવનમાં રામ સેતુ બ્રીજ, એડવેન્ચર બ્રિજ, કુદરતી પાણીના સ્રોતનું નવીનીકરણ, ચિલ્ડ્રન પ્લે-ગ્રાઉન્ડ, ૧૫૦ની કેપેસિટીનું એમફી-થિયેટર, રાશિવન અન્ય આકર્ષણો વિકસાવવામાં આવ્યા છે. તેમજ ભગવાન શ્રી રામના જીવન આધારીત જુદી જુદી ૨૨ પ્રતિકૃતિ મુકવામાં આવેલ છે. તો આગામી રામ નવમીના દિવશે શહેરના નગરજનોએ ખાસ કરીને બાળકો તથા સીનીયર સિટીઝનોને બહોળી સંખ્યામાં મુલાકાત લેવા સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલએ અનુરોધ કરેલ છે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.